# અધ્યાત્મ

**આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક**

છૂટક નકલ ૮-૦૦ વાર્ષિક લવાજમ દેશમાં રૂા. **૨૫**/—આજીવન **૨૫૧**/—
વિદેશમાં વાર્ષિક રૂા. **૧૬૫૦**/— (વિમાનથી) આજીવન **૧૬,૫૦૦**/—

- **સંસ્થાપક : પ. પૂ. યોગેશ્વરજી** સર્વમંગલ ચે. ટ્રસ્ટ સ્વર્ગારોહણ, દાતારોડ, **અંબાજી**, ૩૮૫૧૧૦).
- **તંત્રી—સંપાદક** : શ્રી નારાયણ હ. જાની.
- **પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન** : ૬ વૃંદાવન ફ્લેટસ, હવેલી પાસે આતાભાઈ ભાવનગર—૩૬૪૦૦૨ ફોન : (૦૨૭૮) ૨૫૭૨૫૦૨, ૨૫૬૫૮૧૧
- પ.પૂ.મહાત્મા યોગેશ્વરજી અને પૂ.મા સર્વેશ્વરી વિષે તેમજ તેમના દ્વારા લખાએલ ધર્મગ્રંથો, પ્રાર્થનાઓ, ભજનો વિષે જાણવા માટે વેબસાઇટ swargarohan.org જુઓ.
- **અધ્યાત્મના સહાયક સ્વજનો** : ૧. શ્રીપિનાકીન ના. જાની ૨. શ્રી આશિષ ગોહિલ ૩. શ્રીગોરધનભાઇ કલોલા (કલ્યાણ) ૪. શ્રી જ્યોત્સ્નાબેન બી.ત્રિવેદી.
- **તંત્રી, મુદ્રક અને પ્રકાશક** : નારાયણ હ. જાની.
- **મુદ્રણસ્થાન** : રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, LIG167, આનંદનગર, ભાવનગર-૫


**★ લેખકોને નિમંત્રણ ★**

- અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગીતો મોકલાવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપ જ લેખો સ્વીકારવામાં આવશે.
- લખાણ કાગળની એક બાજુ ને સારા મોટા અક્ષરે લખેલું હોવું જરૂરી છે.

**★ અધ્યાત્મ અંગે સૂચનો ★**

- ગ્રાહકોને ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.
- ‘અધ્યાત્મ’ જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતાં રહેશો.
- લવાજમ માટે મનીઓર્ડર, ડીમાન્ડ ડ્રાફ્ટ ‘સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટ’ના નામનો શ્રીનારાયણ હ. જાની, ૬ વૃન્દાવન ફલેટ, હવેલી પાસે, આતાભાઇ, ભાવનગર(ફોન-૨૫૭૨૫૦૨)ને મોકલવા વિનંતી છે.
- ‘અધ્યાત્મ’ દર માસની ૧૭ તારીખે પ્રસિદ્ધ થશે. કોઇ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી અપાશે.
- પત્રવ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
- **આ અંકના ટાઇટલ પેઇજ સાથે કુલ પાનાં ૬૮.**

**You can download the pdf file of Adhyatma From Website**
**www.swargarohan.org**

## અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| સદ્ભાવભરી સહાય | મા સર્વેશ્વરી | ૩ |
| શ્રી યોગેશ્વર વાણી | યોગેશ્વરજી | ૪ |
| શ્રી યોગેશ્વર કથામૃત | મા સર્વેશ્વરી | ૭ |
| સ્વર્ગારોહણ તીર્થમાં ગુરુપૂર્ણિમાની ઉજવણી | તંત્રી | ૧૨ |
| બાળભક્તોના પ્રતિભાવો | સંક્ષેપ : રાજુજાની | ૧૫ |
| કર્પૂરવન-કાલીમંદિર તીર્થ-સત્સંગ | તંત્રી | ૨૨ |
| જગાડવાને આવ્યા (કાવ્ય) | મા સર્વેશ્વરી | ૨૩ |
| સંત હૃદયોદ્ગાર | સ્વામી શ્રીશરણાનંદજી | ૨૪ |
| ફાધર્સ ડે | જ્યોત્સ્નાબહેન ત્રિવેદી | ૩૧ |
| સ્થિતપ્રજ્ઞનાં લક્ષણો | યોગેશ્વરજી | ૩૫ |
| આવો—હે યમદેવ, હું તૈયાર જ છું | મા સર્વેશ્વરી | ૩૮ |
| ભગવાનપણું | સાધુ અક્ષરજીવનદાસ | ૪૪ |
| હસતા હસતા ખસતા રહેજો | મા સર્વેશ્વરી | ૪૯ |
| ભગવાન છે કે નહીં ?! | આઈ.કે.વીજળીવાળા | ૫૧ |
| ગુરુમાં અખૂટ પ્રેમ ને વિશ્વાસ | યોગેશ્વરજી | ૫૪ |
| આધ્યાત્મિક પ્રશ્નોત્તરી—ગુરુપૂર્ણિમા | યોગેશ્વરજી | ૫૮ |

卐

# સદ્ભાવભરી સહાય

—મા સર્વેશ્વરી

શ્રીવસંતભાઈ શ્રીગુલાબબેન ઘણાં ઘણાં વરસોથી પનામા દેશમાં વસ્યા. પૂ.શ્રી ગુરુદેવપ્રભુના એક જ વાર દર્શન ૧૯૮૩ માર્ચમાં કર્પૂરવનમાં પામ્યા. સત્સંગ બીજ વવાયા. આજે તો તે વટવૃક્ષ બની અનેકને શીતળ છાંયડી ધરી રહ્યું છે.

શ્રીદિવ્યેશભાઈ-બીનાબેનની યુવાભક્તદંપતી એ વટવૃક્ષ નીચે સત્સંગની શ્રેષ્ઠ પરબ માંડી સૌના સહયોગથી શ્રેષ્ઠ સત્સંગકેન્દ્ર દ્વારા સૌને તૃપ્ત કરી રહ્યાં છે. સૌને અભિનંદન.

પનામાના સર્વ સત્સંગી સભ્યોના સહયોગથી આ અંક જનસમાજને અર્પણ કરી રહ્યા છે.

આભાર. ધન્યવાદ

ॐ



# શ્રી યોગેશ્વર વાણી

—યોગેશ્વરજી

## ગુરુમહિમા

ભારતના મહાન સ્વાનુભવસિદ્ધ આધ્યાત્મિક જ્યોતિર્ધર શ્રી રામકૃષ્ણ પરમહંસદેવે એમના ભક્તોને એકવાર કહેલું કે દીક્ષાગુરુ એક, શિક્ષાગુરુ અનેક. ભક્તોએ પ્રશ્ન પૂછેલો કે ગુરુ એક હોય કે અનેક હોય ? એના પ્રત્યુત્તરમાં એમણે વિધાન કરેલું. પોતાના વિધાનના અનુસંધાનમાં, એને અધિક સ્પષ્ટ કરતાં એમણે જણાવેલું કે ભાગવતમાં ભગવાન દત્તાત્રેયના અનેક ગુરુઓની કથા આવે છે. એ બધા જ્ઞાત-અજ્ઞાત, સામાન્ય-અસામાન્ય ગુરુઓ પાસેથી એમણે એક અથવા બીજી જાતની જીવનોપયોગી શિક્ષા ગ્રહણ કરેલી. એવી રીતે માનવની આંખ ઉઘાડી હોય, માનવના કાન ખુલ્લા હોય અને એનું મન ગ્રહણશીલ હોય તો એ પોતાની આજુબાજુના જીવનમાંથી, નિસર્ગમાંથી, અને વિવિધ વ્યક્તિઓના વ્યક્તિત્વમાંથી ઘણું ઘણું શીખી શકે છે. તેને માટે જગત વિશ્વવિદ્યાલય અથવા શાસ્ત્ર બને છે. ભગવાન દત્તાત્રેયના ચોવીસ ગુરુઓની કથાનો ભાગવતોક્તસાર એ જ છે. જીવનનું શિક્ષણ કદી પણ પૂરું નથી થતું અને શીખવા માગનાર જીવનના છેલ્લા શ્વાસ સુધી કાંઈ ને કાંઈ મહત્ત્વનું મહામૂલ્યવાન શીખી શકે છે.

એ થઈ શિક્ષાગુરુની વાત. પરંતુ દીક્ષાગુરુ અધિકતર કોઈ વિરલ અવતારને બાદ કરતાં એક જ હોય છે. દીક્ષાગુરુ મંત્ર

આપે છે, ધ્યાનની ગૂઢ કલ્યાણકારિણી પ્રક્રિયા બતાવે છે, આત્મજ્ઞાનનો ઊર્ધ્વગામી ઉપદેશ આપે છે અને આત્મસાક્ષાત્કારનો આદર્શ રજૂ કરીને શિષ્ય કે સાધકને એની પૂર્તિના પ્રયત્નોની પ્રામાણિક પ્રબળ પ્રેરણા પૂરી પાડે છે. જીવનમાં આવશ્યકતાનુસાર પાવન પથપ્રદર્શન પૂરું પાડે છે. પ્રકાશ પહોંચાડે છે. સાધકના પરમકલ્યાણની કામના કરીને સાધકને સમુચિત સાધનાથી સુપરિચિત બનાવે છે.

એવા સદ્ ગુરુના અથવા દીક્ષાગુરુના જેટલાં ગુણગાન ગાઈએ એટલાં ઓછાં છે. સંતપુરુષોએ અથવા શાસ્ત્રોએ એમને કૃપા સિંધુ નરરૂપ હરિ કહ્યા છે. એ કૃપાના સાગર અને માનવરૂપે પ્રભુ પોતે હોય છે. સંતશિરોમણી તુલસીદાસ મહારાજે રામચરિતમાનસમાં એમની પ્રશસ્તિ કરતાં જણાવ્યું છે કે **महामोह तम पुंज जासु बचन रबि कर निकर**-મહામોહરૂપી અંધકારનો ભંડાર એમનાં સદ્ વચનોરૂપી સૂર્યકિરણોના પ્રભાવથી નાશ પામે છે. અંતરમાં અને અણુએ અણુમાં પ્રજ્ઞાનો પવિત્રતમ્ પ્રકાશ પથરાય છે.

**गुरुर्ब्रह्मा गुरुर्विष्णुः गुरुर्देवो महेश्वरः ।**
**गुरुः साक्षात् परं ब्रह्म तस्मै श्री गुरवे नमः ॥**

ગુરુની પ્રશસ્તિ કે સ્તુતિનાં એ પ્રાચીન સુપ્રસિદ્ધ શ્લોકમાં સદ્ ગુરુને બ્રહ્મા, વિષ્ણુ, મહેશ્વર તથા પરબ્રહ્મની સાથે સરખાવ્યા છે. એનો સારસંદર્ભ સમજવા જેવો છે. બ્રહ્મા જગતને ઉત્પન્ન કરે છે એવું કહેવાય છે. વિષ્ણુ પોષણ કરે છે ને મહેશ સંહાર. સદ્ ગુરુ પણ એવી રીતે ત્રિવિધ કલ્યાણકાર્યને કરતા હોય છે. એ



શાંતિ, મુક્તિ, પૂર્ણતા, સ્વરૂપના સાક્ષાત્કારની અભિલાષાવાળા શરણાગત શિષ્ય કે સાધકના જીવનમાં સદુપદેશ, સાધના કે મંત્રની અભિનવ સૃષ્ટિ સરજે છે. નવા વિચારો, ભાવો, સંસ્કારો, સિદ્ધાંતો, આદર્શો, વ્રતો કે નિયમોનું નિર્માણ કરે છે.

ગુરુ વિષ્ણુની પેઠે એ ભાવો, સંસ્કારો, વિચારો, આદર્શો કે સાધનાનાં બીજોનું પોષણ પણ કરે છે. માળી જેમ પોતાના તૈયાર કરેલા ઉદ્યાનની સુચારુરૂપે સંભાળ રાખે છે તેમ આદર્શ ગુરુ શિષ્યનો પરમહિતચિંતક બનીને એને આત્મસાધનાના મંગલ માર્ગે અનવરત રીતે આગળ વધારે છે. પ્રલોભનો, વિઘ્નો, વિરોધ, પ્રમાદ, ભયસ્થાનોમાંથી રક્ષે છે. જ્યાં સુધી એ ધ્યેયપ્રાપ્તિ દ્વારા ધન્ય બનતો નથી ત્યાં સુધી ગુરુ નિરાંત અનુભવતા નથી.

મહેશ વિસર્જનના કે વિનાશના દેવ મનાય છે તેમ ગુરુ પણ કઠોર બનીને શિષ્યના જીવનની ત્રુટિઓ, ક્ષતિઓ, નિર્બળતાઓ, મમતાઓ અને આસક્તિઓનો અંત આણે છે. એની ક્રમશઃ કાયાપલટ કરે છે. એના સર્વે અશુભનો નાશ નોતરે છે. પ્રેમાળ પિતા બનીને, મમતાળુ માતા બનીને, સન્મિત્ર કે સખા થઈને અને એથીએ અધિક બનીને, પરમાત્માના પ્રતીક કે પ્રતિનિધિ તરીકે એને આગળ વધારે છે. ક્લેશમુક્ત ને પ્રશાંત કરે છે. એટલે જ ગુરુને સાક્ષાત્ પરબ્રહ્મ-પરમાત્મા કહેવામાં આવ્યા છે. એમની જેટલી પણ પ્રશસ્તિ કરીએ એટલી ઓછી છે. એમના ઉપકારને કોઈયે કોઈ રીતે ના વર્ણવી શકે.

# અધ્યાત્મ

વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો

—મા સર્વેશ્વરી

વર્ષ : ૩૯ ઓગસ્ટ—૨૦૧૭ અંક ૧૧

## શ્રી યોગેશ્વર કથામૃત

—મા સર્વેશ્વરી

### દક્ષિણ આફ્રિકાનો પુણ્યપ્રવાસ (૩૧)

**દિન ૪૩**

**તા. ૨૯-૧૨-૮૨, બુધવાર, માગશર સુદ ચૌદશ ૨૦૩૯**

**ન્યુ કાસલથી એસ્કોટ શહેર**

સવારે નિયમિત ક્રમ રહ્યો. દસ ને ત્રીસે અમે રસોડામાં જઈએ છીએ. અમારા ઓરડાની સામે જ રસોડું છે. આજે મગની દાળ ને ભાત બનાવવાનાં છે. પૂ.શ્રી ૧૫મો અધ્યાય બોલવાનું શરૂ કરે છે. મેં પણ તેમાં સૂર પુરાવતાં દાળ ને ભાત ધોઈને ઈલેક્ટ્રિક ચૂલા ઉપર મૂક્યાં. પૂ.શ્રી દસ-પંદર મિનિટ રસોડામાં જ રહ્યાં. પછી ફરી પોતાના ઓરડામાં ગયા. મગની દાળ, ભાત ને વટાણા-રીંગણનું શાક તૈયાર થઈ જતાં અમે નીચે ચાદર પાથરીને ભોજન કરી લીધું.

ભોજન બાદ અહીંના આયોજક શ્રી બી. પ્રભુ પોતાને ત્યાં



સ્વામીજી સાથે બીજા ચાર-પાંચ મહેમાનો હોવા છતાં પૂ.શ્રીને મળવા આવે છે.

પૂ. શ્રી તેમની ભાવના પ્રમાણે તેમને પોતાના અંગત આધ્યાત્મિક અનુભવો કહી સંભળાવે છે. તેમને એ સાંભળી આનંદ થાય છે.

તેઓએ કહ્યુંઃ કોઈ પણ સંતપુરુષના લખેલાં પુસ્તકો વાંચીએ એના કરતાં તેમના શ્રીમુખે તેમના અનુભવો સાંભળીએ એનો તો જુદો જ આનંદ હોય છે. ગઈ કાલનું તમારું પ્રવચન પણ સરસ હતું. મારે તમારાં હવે આઠ દિવસનાં પ્રવચનો રાખવાં છે. જોહાનિસબર્ગથી પાછા આવો ત્યારે અમને સમય આપજો. હૉલમાં પણ અમે લોકો પાસેથી સાંભળ્યું કે પ્રવચન સરસ હતું. મને એમ હતું કે તમને વિષય તો આપ્યો પણ લોકોને તે વિષય સમજવો કઠિન થઈ પડશે, પણ તમે તે વિષયને સારી રીતે ન્યાય આપ્યો.

થોડી બીજી વાતો કરીને પછી આરામ કર્યો.

ન્યુ કાસલ મોટું શહેર છે. અહીં કોલસાની ખાણો હતી. સ્ટીલના અને ફ્રીજ, ઈલેકટ્રિક ચૂલા વિગેરે બનાવવાનાં અહીં કારખાનાં છે.

અહીં છ-સાત હજાર હિન્દી ભાઈબહેનો વસે છે. ગુજરાતીઓનાં તો ફક્ત સાત-આઠ જ ઘર છે. મુસ્લીમો છે. મસ્જિદ પણ છે. અહીં મોટે ભાગે મુસ્લીમો વેપાર કરે છે.

અહીં મુખ્ય સત્સંગ-સ્થાન શ્રી રામકૃષ્ણ સેન્ટર છે. શહેરમાં એક જૂનું શિવમંદિર છે, પણ ત્યાં કોઈ પ્રવૃત્તિ ચાલતી નથી. બીજાં બે ત્રણ નાનાં નાનાં મંદિરો છે.

અમારો ઉતારો છે તે ઈન્ડિયન એરિયા છે. લેનેકસ્ટીન નામના આ વિસ્તારમાં કોલસાની ખાણ હતી. તેથી અમુક જગ્યાએ જ ઘરો બાંધવાની પરવાનગી મળે છે. ખાણને લીધે નીચે જમીનમાં પોલાણ

હોય છે.

આ ઘરનાં યજમાન પતિપત્ની સવાર-સાંજનું ભોજન પ્રાર્થના કર્યા પછી લે છે. ટેબલ ઉપર જ બે શ્લોકો બોલીને ભોજન લે છે. એ નિયમ સારો કહેવાય.

ફરી અહીં પરમ દિવસે પણ આવવાનું છે. એક પ્રવચન શુક્રવારે ગોઠવાયું છે.

ગઈ સાંજે અહીં આવ્યા પછી અહીં રોકાવાની ઈચ્છા ન હતી, પણ પરમશક્તિની સૂચના, આજ્ઞા ને ઈચ્છાથી અહીં જ રહેવાનું બન્યું.

આજે અહીંથી સાંજે નીકળીને બે કલાકની મુસાફરી કરી એસ્કોટ નામનાં શહેરમાં પ્રવચન માટે જવાનું છે. ત્યાં જ રોકાવાનું થશે. ત્રણ વાગ્યે લેવા આવનાર ભાઈ છેક સાડા ચાર વાગ્યે આવ્યાં. તેથી લગભગ પોણા પાંચ વાગ્યે અમે એસ્કોટ જવા નીકળ્યાં.

પોણા સાત વાગ્યે તો ત્યાંના ઉતારા ઉપર પહોંચી ગયાં. પ્રવચનનો સમય થઈ ગયો હોવાથી પ્રવચન-સ્થળે ગયાં.

પૂ.શ્રીનું આજનું પ્રવચન ગુજરાતીમાં હતું. 'નામસ્મરણ અને અલિપ્તતા' ઉપર પૂ.શ્રીએ સુંદર વિવેચન કર્યું.

એસ્કોટ શહેરમાં પ્રવેશતાં જ ઈન્ડિયન એરિયા આવે છે. એટલે ત્યાં હિન્દી ભાઈઓ, ગુજરાતી ભાઈઓ, મુસ્લીમ ભાઈઓની મોટી મોટી દુકાનો આવેલી છે. જમણી બાજુ એક મોટો માર્ગ છે. ત્યાં મોટી સોસાયટી જેવો વિસ્તાર છે. તેમાંના એક ઉતારામાં અમારે પ્રવેશવાનું બન્યું. ત્યાં તે બંગલાના મેદાનમાં બાવળનું ઝાડ પણ જોવા મળ્યું. બીજાં પણ ફળનાં વૃક્ષોથી તે છવાયેલું હતું. ઘરમાં નાનકડું મંદિર હતું. તેમાં ભગવાન શ્રીકૃષ્ણની મૂર્તિ હતી.

ન્યુ કાસલથી આવતાં માર્ગમાં યજમાન ભાઈએ દક્ષિણ આફ્રિકાની જાણવા જેવી વાતો કરી.



દક્ષિણ આફ્રિકામાં ચાર લાખ યુરોપીયનો છે, બાર લાખ આફ્રિકનો છે, એક લાખ હિન્દીઓ અને એક લાખ વર્ણસંકર છે. યુરોપીયન પ્રજા આ દેશ ઉપર શાસન કરે છે. આફ્રિકન પ્રજાને શિક્ષિત કરવામાં પોતાને જોખમ છે એ યુરોપીયનો સારી રીતે જાણ છે. તેથી ત્યાં આફ્રિકનોને શાળામાં ઈતિહાસ ભણાવાતો નથી.

અહીં સાઠ-પાંસઠ વર્ષનાં કોઈ પણ સ્ત્રી-પુરુષ પેન્શન મેળવી શકે છે. દર મહિને યુરોપીયનને એકસો એકવીસ રેન્ડ, ઈન્ડિયનને એંશી રેન્ડ, આફ્રિકનને સાઠ રેન્ડ પેન્શન તરીકે જોઈએ તો સરકારી ધોરણે તે મળે છે. ગરીબ વિધવાને પણ જો ન્યાયાધીશ લખાણ આપે તો મહિનાનું રેશન દુકાનમાંથી મળે. જેનું બિલ સરકાર ચૂકવી દે. કેમ્બ્રિજ મેટ્રિક સુધી શિક્ષણ મફત છે. પુસ્તકો, પેન-નોટ બધું જ મફત મળે છે.

એસ્કોટ શહેર ડરબનથી બે કલાકના મોટર-માર્ગે આવેલું છે, અહીં દશ-બાર ગુજરાતીઓનાં ઘર છે. બધા મળીને બાવન વ્યક્તિઓ આ શહેરમાં ગુજરાતીઓ છે. આ શહેર પર્વતોની વચ્ચે તળેટીમાં આવેલું છે.

પ્રવચવ બાદ ઉતારા ઉપર આવી ગયાં. કેરી, કેળાં, પ્લમ નામનાં ફળ લીધાં. દૂધ લીધું. એક જ દિવસનું અહીં રોકાણ છે, તેથી થોડું બેઠાં. ત્યારે યજમાન ભાઈએ કહ્યું કે તમે જોહાનિસબર્ગ અને કેપટાઉન થઈને આવો ત્યારે ફરીથી અહીં પ્રવચન માટે ચાર દિવસ પણ આવો તો અમને આનંદ થાય. તે ભાઈની સાથે, ભારતમાં ગરીબી કેમ છે એ અંગે પણ ચર્ચા થઈ.

દક્ષિણ આફ્રિકામાં કોઈ પણ ઘર બાંધે તો પાયો ખોદાય ત્યારથી સરકારી ઈન્સપેક્ટર ચેકિંગ કરે. પાયો ખોદાયો તે જમીનનું માપ,

ઊંડાણ બરાબર છે ખરાં, પછી પાયાનું ચણતર થાય તો ઈંટ, રેતી, સિમેન્ટ પૂરી રીતે વપરાયાં છે કે નહી વિગેરે જોવામાં આવે. પછી ભીંતો, અંદરના ઓરડાની લંબાઈ, પહોળાઈ સરકારી નિયમ પ્રમાણે છે કે નહીં તેનું પણ ચેકિંગ થાય. આખાયે ઘરના ચણતરમાં સિમેન્ટનો વપરાશ પૂરી રીતે થયો છે કે નહી તેનું ચેકિંગ કરવામાં આવે. ઘરની ગટર-યોજનાનું પણ ચેકિંગ થાય. સર્ટિફિકેટ મળે તો જ ગટર કરી શકાય. આખુંયે ઘર તૈયાર થઈ જાય ત્યારે આપણે તેમાં રહેવા જવાનું બને તે પહેલાં ફરીથી છેલ્લું ચેકિંગ થઈ જાય. પછી જ આપણને એ ઘરમાં રહેવા માટે ચાવી મળે. પરિણામે ભારતનાં ગેરકાયદેસર બાંધકામ ને કોન્ટ્રાક્ટરોની છેતરવાની વૃત્તિનો અહીં સર્વથા ત્યાગ જોવા મળે છે. બધું જ સરકારી ધોરણે થાય. તેથી બધાં જ નાનાં ગામ પણ વ્યવસ્થિત બાંધકામવાળાં જોવા મળે છે. વળી, શહેરના ગીચ વિસ્તારમાં પણ બે મકાનોની ભીંતો અલગ અલગ ચણવામાં આવે છે. આમ, બે મકાનો વચ્ચે નાનકડો પેસેજ રહે છે, જેનાથી બે મકાનોની હદ જુદી પડે છે.

આફ્રિકામાં બીજાદેશો જેવી જ વ્યવસ્થિતતા, સ્વચ્છતા જોવા મળે છે. આપણી સંસ્કૃતિને ટકાવવા મંદિરો બાંધવા દે છે. વળી, રથયાત્રા જેવા ઉત્સવો પરવાનગી લઈને શહેરનાં જાહેર માર્ગ ઉપર ઊજવી શકાય છે.

યજમાન પતિપત્ની ભાવિક છે. 'આવતી કાલે બપોરે આપણે શહેરમાં થોડું ફરવા જઈશું.' એમ પણ તેઓએ આગળ પડીને કહ્યું. તેમનાં શુભનામ શ્રી બી. મગન અને શ્રી લક્ષ્મીબહેન હતાં.

દરરોજ નવાં શહેર, નવાં યજમાન, નવી ઓળખાણ. નવો ક્ષણિકનો સંગ. કહો કે, 'કાળની કેડીએ ઘડીક સંગ.'



**સાધના અને સત્કર્મોના ધામ**

# સ્વર્ગારોહણ તીર્થમાં ગુરુપૂર્ણિમાની ઉજવણી

–તંત્રી

સ્વર્ગારોહણ તીર્થમાં ગુરુપૂર્ણિમા પર્વ તા.૦૮ જુલાઈ શનિવાર સાધના દિવસ તરીકે અને તા.૦૯ જુલાઈ રવિવાર ગુરુપર્વ તરીકે, લગભગ ૩૦૦ જેટલા ભક્તો/સાધકોની ઉપસ્થિતિમાં ઉજવાયું. તા.૦૮ જુલાઈ-સાધનાદિને ઉપસ્થિત સૌ ભક્તોએ વિશેષ સાધના નિમિત્તે નીચેના નિયમો લીધા.

(૧) ૭૫ પ્રણામ (૨) ૭૫ પ્રદક્ષિણા (કુટીયા તીર્થ/સરોડા તીર્થ) (૩) પૂ.શ્રી ગુરુદેવ અને પૂ.શ્રી માની ૫ બાવની/૨૫ મંત્રજપ માળા, (૪) શ્રી યોગેશ્વર અષ્ટોત્તર શતનામ પ્રણામ (તુલસીદળ)માંથી ૧૧ પારાયણ, માનસિક પ્રણામ સાથે.

ઉપરોક્ત ચાર વિકલ્પો પૈકી કોઈપણ બે વિશેષ નિયમ પોતાની શારીરિક ક્ષમતા પ્રમાણે સૌએ પસંદ કરી પૂર્ણ કર્યા.

આ નિયમોની સાથે સાથે દિવસ દરમ્યાન પાંચ અલગ અલગ બેઠકોમાં અધ્યાત્મનો અનસ્ત સૂર્ય 'શ્રી યોગેશ્વરજી' ગ્રંથના પંચાવન પ્રકરણોનું પારાયણ યુવાનોએ વાંચન દ્વારા કર્યું. તેમાં દર્શન થતાં શ્રી યોગેશ્વરજીના સદ્‌ગુણો યુવાનોના જીવન ઘડતર પર કેવી અસર ઉપજાવી શકે તેની ચર્ચા પણ યુવાન સાધકોએ કરી.

પૂ.શ્રી માની વર્ષ ૨૦૧૨માં થયેલ હરિદ્વાર યાત્રા દરમ્યાન શ્રી ગંગાજી તટે આ ગ્રંથનું પારાયણ થયેલ, ત્યારે તેના દરેક પ્રકરણ પર વિશેષ સમજ સાથે જે પ્રકરણ પૂ.શ્રી માએ ધરેલી તેની નોંધનું

વાંચન દરેક પાંચ પ્રકરણે મયુરીબેન ટેઈલર દ્વારા થયું.

રાત્રે નિત્ય વંદના પછી શ્રી યોગેશ્વર જ્ઞાનામૃતની ડી.વી.ડી.નું દર્શન સૌએ માણ્યું.

તા.૦૯ જુલાઈ રવિવાર-ગુરુપૂર્ણિમા પર્વનો પ્રારંભ પૂ.શ્રીમા સર્વેશ્વરીના ગંગાજી સન્નિધીના ડી.વી.ડી. દર્શન સાથે સવારે ૬.૦૦ વાગે થયો. તે દર્શન દ્વારા જ મનની એકાગ્રતા કેળવી ધ્યાન કરવાનું, પૂ.શ્રી માએ સમજાવ્યું છે તેથી તેના દર્શન સાથે ૪૫ મિનિટ ધ્યાન થયું. પૂ.શ્રી માએ હેમલભાઈના સહયોગથી કેનેડાની ધરતી પર લગભગ ૩૬ કલાક અવિરત શ્રમ લઈ જે દર્શન પ્રસાદ ભારતના ઉપસ્થિત ભક્તો માટે મોકલાવ્યો તે પૂ.શ્રીમાની ઈસ્ટ કેનેડા યાત્રાની ડી.વી.ડી દ્વારા આજના મંગલ પ્રભાતે પૂ.શ્રી માનું જીવંત દર્શન સૌએ માણ્યું.

આ યાત્રા દરમ્યાન પૂ.શ્રી માની દિવ્ય કલમે શ્રીહરિએ ઉતારેલા બે અદ્‌ભુત પદોની રચના પણ પૂ.શ્રી માના ગુરુપર્વ પ્રસાદ રૂપે પ્રાપ્ત થયા. જેને જુદી જુદી ત્રણ બેઠકોમાં બીજે દિવસે સૌ ભક્તોએ સાથે મળી ગાયાં.

પૂ.શ્રી માએ-ગુરુપૂર્ણિમા પર્વ/નોર્થ બર્ગનમાં જે અલભ્ય સંદેશો ધરેલો તેની એક કલાકની ડી.વી.ડી.નું દર્શન પણ સૌએ માણ્યું જેના શ્રવણ/દર્શન થકી ભક્તો કે સાધકોએ આવા પર્વના આયોજન સાથે જીવનમાં શું કરવાનું છે, તેનો સ્પષ્ટ દિશા નિર્દેશ પણ પ્રાપ્ત કર્યો.

શ્રી ભાર્ગવભાઈ ઠક્કરે તેમની હાલની વિદેશયાત્રામાં વિદેશની ધરતીપર પૂ.શ્રી માની સંનિધિ માણી તેની રસપ્રદ વાતો કરી. તો શ્રી તરલાબેન દેસાઈએ પણ પ્રસંગોચિત્ત વાત પ્રસ્તુત કરી.



સ્વર્ગારોહણ તીર્થમાં પ્રતિવર્ષ ૧૮ માર્ચથી ૧૭ જુન 'છાસ ની હાસ'નું પર્વ-ત્રણ માસ ૩૦૦ પરિવારોને વિનામૂલ્યે પરિવાર દીઠ એક લીટર છાસના પ્રસાદ દ્વારા ઉજવાય છે. આ વર્ષથી આ પર્વ ગુરુપૂર્ણિમા સુધી લંબાવી દેવાયું. આજે એ છાસ પ્રસાદ વિતરણના અંતિમ દિવસે તે બધા જ પરિવારોને તેમના રોજિંદા જીવનમાં ઉપયોગી અનાજ/ખાંડ/તેલ/ગોળ/ચોખાની કીટ બનાવી-નિયમિત છાસ લેવા આવતા ૨૭૦ પરિવારોને સત્કર્મ દ્વારા વિતરણ કરાયું. જે માટેનો આર્થિક સહયોગ ૨૨૦ જેટલા સાધકોએ રૂા.૫૦૦/-ની રકમ આપી કર્યો.

પૂ.માની અનુપસ્થિતિમાં પણ દૂર દૂરથી સાધક ભાઈબેનો સારી સંખ્યામાં આવ્યાં. ભગવાને પણ સમયસમય પર વરસાદ બંધ રાખી પૂરો સહયોગ ધર્યો.

માણસની એક મુઠ્ઠીમાં સ્વર્ગ અને બીજી મુઠ્ઠીમાં નરક છે, બંને મુઠ્ઠીમાંથી ગમે તે ખોલવા તે પૂરેપૂરો સ્વતંત્ર છે.

"જીવન સદાય આપત્તિ વગરનું રહેશે" આવા આશીર્વાદ કોઇએ કોઇનેય આપ્યા નથી.

મન પર માનવીનો કાબુ એટલે વિકાસ, માનવી પર મનનો કાબુ એટલે વિનાશ.

જીવન એક વસ્ત્ર સમાન છે તેને દુઃખના પાણીમાં ન ડુબાડો, વજનદાર થઈ જશે. આધ્યાત્મિક સુખની હવામાં સુકવો, જેથી એ હલકું થઈ જશે.

# બાળભક્તોના પ્રતિભાવો

**–સંક્ષેપ : રાજુ જાની**

સ્વર્ગારોહણ તીર્થમાં પૂ.શ્રી માના આંતરિક ઐશ્વર્યને પ્રેમ પ્રસાદ પામતા બાળકોના મન અંતરે પૂ.શ્રી મા કેવાં સહજ રીતે પ્રવેશી પ્રસ્થાપિત થતાં રહે છે તેનું દર્શન આ બાળકો તેમના મનોભાવ શ્રીમા ચરણે પત્રો દ્વારા પ્રસ્તુત કરે ત્યારે જોવા મળે છે. અહીં સ્વર્ગારોહણના બાળ-યુવા બાળકોના કેટલાક પત્રોની વિશેષ વાતો સૌના માટે પ્રેરણાદાયી લાગતાં રજુ કરી છે.

**રથી (વડોદરા) નોંધે છે :–**

વેકેશન પડ્યું તા.૧૨ એપ્રિલે. બીજે દિવસે સવારે જ સ્વર્ગારોહણ પહોંચી ગયો. કારણ ૪૩ થી ૪૫ તાપમાન વચ્ચે પણ પૂ.શ્રીમા અમને બાળકોને મળી શકે માટે જ અસહ્ય ગરમી વેઠીને પણ સ્વર્ગારોહણ રોકાયાં. અહીં માની સંનિધીમાં પૂ.શ્રીમા સતત પૂછે આજે કેટલા પ્રણામ, પ્રદક્ષિણા કર્યા એટલે સવારમાં જપ, પ્રદક્ષિણા પ્રણામ વંદના બધું જ થઈ જાય. એટલે દિવસ સારો જાય અને વળી મુક્તપણે રમવાનું તો મળે જ. આ બાળક પૂ.શ્રીમાની ચિંતા કરતા કહે છે હે મા ! હવે કોઈક ઠંડા પ્રદેશની યાત્રાએ પ્રસ્થાન કરો, જેથી આપનું આરોગ્ય સારું રહે.

**વ્રજ-ઉંમર વર્ષ-૧૪ (સુરત)**

પૂ.શ્રીમા-આપનું દર્શન સુરતમાં પામ્યો, જાણે જીવન ધન્ય થઈ ગયું. આપના દર્શન પછી રોજ ભગવત ગીતા સવારે ઊઠીને વાંચું છું-માળા પણ કરું છું. સારાં પુસ્તક વાંચું છું અને ધ્યાન કેન્દ્રમાં પણ નિયમિત જાઉં છું. ધ્યાન કેન્દ્રમાં પ્રિયંકા



બેનના માર્ગદર્શન નીચે સૌ બાળકો આપનાં પદો પ્રેમથી ગાઈએ છીએ-અનસ્ત સૂર્યનું પારાયણ પણ કરીએ છીએ.

આપની કૃપાથી મારું જીવન બદલાઈ રહ્યું છે. મોટો થઈ ભક્તિમાર્ગે આગળ વધી ભાગવત કર્યા કરું તેવું મારી મમ્મી ઈચ્છે છે. મારી મમ્મીની ઈચ્છા પૂરી કરી શકું તેવા આશીર્વાદ આપો. સાથે સાથે ગાય માતાની સેવા અને આપણી માતૃભૂમિ માટે પણ કંઈક સેવા કરી ઋણ ચૂકવી શકું તેવી શક્તિ આપજો. તમારા આશીર્વાદથી હું ઈશ્વરના (કેશવ) સ્વરૂપનું દર્શન કરવા ઈચ્છું છું માટે કેશવની અખંડ ભક્તિ આપો.

**સાત્વિક-ઉંમર વર્ષ-૧૩ (સુરત)**

ભાઈ વ્રજના સૂરમાં સૂર પુરાવતાં કહે રોજ હું પણ નાની ૧૪ માળા, પચાસ પ્રણામ અને ભગવત ગીતાના ૨ પાના વાંચું છું મારી ઈચ્છા C.A. (ચાર્ટડ એકાઉન્ટન્ટ) બનવાની છે જેથી હું સારું કમાઉં અને ભાઈ ભાગવત કથા કરે તો તેની આર્થિક જવાબદારી ઉપાડી હું ભાઈની સેવા કરી રહું. તમે સૂરત આવ્યાં તેનો અમને બાળકોને ખૂબ આનંદ છે. પાછાં જલદી પધારજો.

**જવલંત-ઉંમર-૧૧ (સુરત)**

હે મા, મેં ધોરણ ૪ ની પરીક્ષા આપી. આપ જ સાથે રહીને પેપર લખાવતાં હતાં તેવું મને સતત લાગતું. મારા ધોરણ ૪માં પત્ર લખવાનું અભ્યાસક્રમમાં આવે છે એટલે મેં પત્ર પૂ.શ્રીમાને જ લખવાનું પસંદ કર્યું છે. સ્વર્ગારોહણ આવવું ખૂબ ગમે છે. એટલે પરિણામ આવે ત્યારે પ્રભુ અને માનો આભાર માનવા પપ્પા સાથે જરૂર આવીશ.

**અમન જોષી-વડોદરા**

થેંક્યુ મા ! તમારી કૃપા છે માટે જ સ્વર્ગારોહણમાં આવી શકીએ છીએ. સખત ગરમીમાં અમને મળવા જ આપ સ્વર્ગારોહણ રોકાયાં. હું સારું ભણી પાઈલોટ બનવા માંગું છું. મને આશીર્વાદ આપો કે પાઈલોટ બની ખૂબ કમાઉં અને સ્વર્ગારોહણ નિયમિત આવતો રહું અને તેની સેવા કરતો રહું.

**ઈષ્ટ-**

દર વર્ષે તો વેકેશનમાં મામાને ત્યાં જાઉં છું પરંતુ આ વર્ષે પહેલી જ વાર આપે અને પ્રભુએ અમને સ્વર્ગારોહણ આવવાની તક આપી. જેથી આપની સાથે થોડું રહી શક્યાં. મા મારે મહારાષ્ટ્રની રાજીવ કાકા સાથેની યાત્રામાં જવું છે જો શક્ય હોય તો કૃપા કરજો.

**જતન-**

આ વર્ષે પૂ.શ્રી માની કૃપા હતી એટલે મમ્મી સાથે સ્વર્ગારોહણ પરીક્ષા પછી આવવાનું થયું. અહીં બધા બાળકો સાથે સંપીને રહેવાનું/રમવાનું મળે છે. પૂ.શ્રીમા પ્રાર્થના જપ વગેરે કરતાં શીખવે છે. હે મા આપ બધાં જ બાળકોને કેવો એક સરખો પ્રેમ આપો છો.

**પાર્થ-ગાંધીધામ**

હે મા ! અમે ખૂબ ધમાલ/તોફાન અવાજ કરીએ છીએ અમને ક્ષમા કરજો. બાળકોની યાત્રામાં જવું છે. કૃપા કરજો. આ વર્ષે અમારા બાળકો માટે જ બાળચિત્ર સમિતિની ફિલ્મોની ડી.વી.ડી. મંગાવી અમને ૮ જેટલી સરસ ફિલ્મો બતાવી જેમાંથી ઘણું શીખવા મળ્યું. મારે પરીક્ષામાં ૮૫% માર્ક જોઈએ



છે. જે તમે અપાવી શકો છો. માટે કૃપા કરજો.

**સાત્વિક (સુરત)**

મા આ વર્ષે વેકેશનના સમયે અમારા માટે આપ સ્વર્ગારોહણમાં રોકાયાં. તેથી પરીક્ષા પછી સ્વર્ગારોહણ આવવાનું મળ્યું. મને સ્વર્ગારોહણમાં સત્કર્મમાં કામ કરવાનું/ રાત્રે બેઠકમાં પ્રભુના જીવન પ્રસંગના નાટક કરવાનું અને આપના પદો ગાવાનું ખૂબ ગમે છે.

અમને સતત સ્વર્ગારોહણ લાવતાં રહેજો.

**નિર્લેપ-ભાવનગર**

સ્વર્ગારોહણમાં આપ આપના કાર્યોમાં વ્યસ્ત હોવા છતાં અમને બાળકોને રોજ મળો છો. પ્રસાદ આપો છો. થેક્યુ મા. યાત્રા માટે મને પસંદ કર્યો તે માટે વિશેષ રીતે આભાર.

**સંહિતા જોષી-વડોદરા**

હું સ્વર્ગારોહણ બહુ ભાગ્યે જ આવું છું જે માટે ક્ષમા માગું છું. મા, આપને જ્યારે મળીએ ત્યારે જાણે સ્વર્ગમાં હોઈએ તેવો આનંદ મન અનુભવે છે. જ્યારે હું વિદેશ જવા માટે મારા 'વીઝા' માટે મુંબઈ ગઈ ત્યારે આપને જ પ્રાર્થના કરીને ગઈ હતી-૧૦૦૦ પ્રણામ કરવાનું વચન પણ આપેલું. આપે સાથે રહી મારો વીઝા ઈન્ટરવ્યુ સરસ રીતે પૂર્ણ કરાવ્યો. તમારા થકી જ મને વીઝા મળ્યો. તમારી કૃપાથી હું એકલી શિકાગો સુધીની યાત્રા કરી શકી હવે હું રોજ ૫૦ પ્રણામ નિયમિત કરું છું.

તમે મને જીવનમાં જે જે આપ્યું છે તે માટે તમારી ખૂબ આભારી છું.

**પૂર્ણ્યા (વડોદરા)**

હે મા ! તમે ન હોત તો અમારું શું થાત ? આપના અમારા જીવનમાં પ્રવેશથી અમે રક્ષાયેલા રહ્યા છીએ. આપના વિનાનું અમારું જીવન પાંદડા વિનાના વૃક્ષ જેવું જ હોત. બધા કહેતા હોય છે કે આપણા મનની વાત પૂ.શ્રીમાને કહી હળવા થઈ જવું. પરંતુ મને તે સાચું નથી લાગતું, કારણ આપ અંતર્યામી છો જેથી લખ્યા વગર પણ અમારા મન અંતરને વાંચી શકો છો. તમે જ કહ્યું છે કે કુટિયામાં પ્રાર્થના કરવાની આપણી વાત પ્રભુ પાસે પહોંચે છે. તો આપ પણ પ્રભુ જ છો. આપને પણ એ વાત પહોંચે જ ને ? આપ મારા મનની વાત જાણો છો એટલે આ પત્રમાં નથી લખવી. મને આશીર્વાદ આપો કે જીવનના કોઈપણ સંઘર્ષનો સામનો કરતાં કરતાં પણ સફળતા જ મેળવું.

**ઉત્સવ (ભાવનગર)**

આ વેકેશન મારા માટે યાદગાર બની રહેશે કારણ મને થોડા દિવસ સ્વર્ગારોહણમાં શ્રીમા સાથે રહેવા મળ્યું. ધમાલ મસ્તી સાથે પ્રસાદ પણ મળતો ને રોજ નવી ડી.વી.ડી. જોવાતી જેમાંથી નવું શીખ્યા. મા મને બધા જ વેકેશનમાં તમારી પાસે બોલાવી લેજો.

**વંશી-ભાવનગર**

દર વેકેશનમાં તો મામાને ત્યાં હોઈએ. આ વેકેશન પૂ.શ્રીમા સાથે રહેવા મળ્યું. દરરોજનો આઈસક્રીમ અને પછી મહારાષ્ટ્રની યાત્રા. પૂ.શ્રીમા સિવાય કોણ આવો આનંદ બાળકોને આપી શકે ! એટલે તો ઘરે જવાનું પણ ગમતું જ નથી. 'લીલકી' અને 'છૂ લેગે આસમાન', 'બાપુને કહા થા' કેવું



સરસ શીખવાનું મળ્યું. મા થેંક્યુ, તમે અમારું આ વેકેશન યાદગાર બનાવી આપ્યું.

**વૃંદા મિસ્ત્રી-(વડોદરા)**

આપની ઉપસ્થિતિમાં રોજ ગરબા અને પછી આઈસ્ક્રીમનો પ્રસાદ તો હોય જ ! આપે મને બોલાવી દર્શન આપ્યા, જે બુક આપી તે પણ ખૂબ ગમી. રમતની સાથે જીવનમાં બાળપણથી જ પ્રભુ સ્મરણ અને પ્રાર્થના કરવાનું આપ બાળકોના જીવનમાં કેવું સરસ રીતે ગોઠવી આપો છો ! સ્વર્ગારોહણ વહેલી ન આવી શકી તે બદલ દિલગીર છું ક્ષમા કરજો.

**કાવ્યા ઠાકર (અમદાવાદ)**

હે મા ! તમારા દર્શનથી મનને આનંદ મળે. અને નવું કરવાની શક્તિ મળે. સ્વર્ગારોહણ આવું એટલે પ્રદક્ષિણા અને પ્રણામ, પ્રાર્થના થાય છે. તમે અમારા માટે આપનો કેટલો બધો કિંમતી સમય આપો છો.

**નિર્ભય કાક (વડોદરા)**

મા-આપના જીવનમાંથી ઘણું શીખવાનું મળે છે. બધા સાથે પ્રેમમય વ્યવહાર. શાંતિથી બધાને જ સાંભળવાના. બધાના પ્રશ્નો ઉકેલવાના. અને છતાં તમારી સાધના તો રોજ રોજ ચાલે જ છે. અમારું જીવન આપનો એક નાનકડો અંશ પણ બને તો કેવું સારું. આપ આશીર્વાદ આપો તો જરૂર થશે જ.

**દિશા ટેઈલર (વડોદરા)**

નાની હતી ત્યારથી પ્રભુને પ્રાર્થના કરતાં આપે જ શીખવાડ્યું કે પ્રભુ મારા માતાપિતા, મારા ગુરુ. મારા મિત્ર મારા શિક્ષક બનીને રહેજો તો પ્રભુ આ બધા જ રોલ કેવી સરસ

રીતે મારા જીવનમાં ભજવી રહ્યા છે. જે હું વારંવાર અનુભવ કરતી રહી છું. રોજ રાત્રે મારી બધી જ વાતો હું પ્રભુને કરી દઉં છું અને પછી હળવાશ અનુભવું છું કારણ પ્રભુ સિવાય કોઈને હું કંઈ વાત કરતી નથી મારો એ સ્વભાવ છે.

'હું હ્યુમન રીસોર્સ'ના વિષયમાં માસ્ટર ડીગ્રીમાં અભ્યાસ કરું છું. જેના ભાગ રૂપે જુદી જુદી ઈન્ડસ્ટ્રીજમાં ટ્રેનીંગ માટે જવાનું હોય છે. મારા કલાસના ૪૦ વિદ્યાર્થીને અલગ અલગ ઉદ્યોગમાં જવાનું થયું મને 'હોટેલ'માં ટ્રેનીંગ માટે મોકલવામાં આવી. અહીં મારા અગાઉના વર્ષના વિદ્યાર્થીઓનો અનુભવ સારો નહોતો. મનમાં ચિંતા થઈ પણ પછી સ્વિકાર્યું પ્રભુએ મને અહીં મોકલી છે તો તે મારા માટે યોગ્ય જ હશે. ત્યાં કામ શરુ કરતાં જાણવા મળ્યું કે અગાઉ અમારી કોલેજના જે વિદ્યાર્થીઓ ત્યાં કામ કરી ગયા તેમની છાપ સારી નહોતી. જેથી કોલેજની છાપ ત્યાં ખૂબ ખરાબ પડી હતી. શરુઆતમાં બે અઠવાડિયા થોડા પ્રશ્નો રહ્યા પરંતુ તે પછી તેઓ સૌ મારા કામથી પ્રસન્ન થયા. બધા જ મિત્રો બની ગયા. સૌને કામ જ ગમે ! આપની કૃપાથી જ તેમના મનઅંતર પણ બદલાઈ ગયા લાગ્યા. ટ્રેનીંગ પૂરી થતાં ખૂબ પ્રેમ અને સન્માન તે સૌએ દર્શાવ્યું. જે આપની જ કૃપા હતી.

નવરાત્રીના નવ દિવસ ગ્લુકોઝના પાણી પર પ્રથમવાર ઉપવાસ કર્યાં. તે શક્તિ પણ આપે જ ધરી. શ્રી બાપજી કહેતા કે સાચા ગુરુને શોધવામાં વર્ષો નિકળી જાય છે પણ અમને તો તમે સામેથી જ ધન્યતાની સાથે મળ્યા. કેવી કૃપા ! હે મા મને નિયમિત બનાવજો મારી શ્રદ્ધા વધારજો-આળસ છોડી પુરુષાર્થ કરવા સજ્જ કરજો જેથી જીવનને સાચા અર્થમાં મંદિર બનાવી શકીએ.



# કર્પૂરવન-કાલીમંદિર તીર્થ-સત્સંગ

—તંત્રી

સ્વર્ગારોહણના ભક્તો માટે કર્પૂરવન-કાલી મંદિર તીર્થ. જે પૂ.શ્રીમાનું પ્રાગટ્ય-ધામ છે તેનું એક અનેરૂ આકર્ષણ રહે જ છે. તા.૨૩ જુલાઈ ૨૦૧૭ના દિવસે આ તીર્થમાં એક સત્સંગ/સંકીર્તનના કાર્યક્રમનું આયોજન થયું. સમગ્ર ગુજરાત અને મુંબઈથી મળી કુલ ૧૧૦ જેટલા ભક્તો આ સંકીર્તનમાં સહભાગી થઈ શક્યા. પૂ.શ્રીમાના કૃપા અનુગ્રહથી તેમની આ પાવનતીર્થ ભૂમિમાં સૌ આવી શક્યા. સ્વર્ગારોહણના સત્સંગની જેમજ સવારે ૯.૪૫થી ૩.૦૦ વાગ્યા સુધી સત્સંગમાં સૌએ સાથે મળી બે બાવની ૧૦૮ પ્રણામ, પ્રાર્થનાઓ પૂ.શ્રીની દિવ્યવાણીનું શ્રવણ કર્યું અને સાથે સાથે પૂ.શ્રીમાના દિવ્ય પ્રસાદ સમા પાંચ પદો પણ ગાયાં.

ભોજન વિશ્રામ પછી મંત્રગાનની માળા અને પ્રભુએ પૂ.શ્રીમાની આરાધના માટે રચેલ 'પ્રેમસંગીત' સ્તુતિના ત્રણેય ખંડોનું પારાયણ કર્યું.

ભોજન પ્રસાદ ભક્ત સ્વજન આશાબેન (વાવ)ના સુપુત્ર શ્રીવિકાસભાઈના લગ્ન નિમિત્તે તેમના તરફથી મળ્યો. કાર્યક્રમના અંતમાં શ્રીવિનુકાકાની પાર્થિવ વિદાય નિમિત્તે શાંતિ પ્રાર્થના ધૂન સાથે કરી.

# જગાડવાને આવ્યા

—મા સર્વેશ્વરી

(રાગ : રાધાના શ્યામ...)

જવાનું ક્યાં ને જઈ રહ્યા ક્યાં ?
પૂછે પ્રશ્ન હરિ, પહોંચ્યા છો ક્યાં ?
સંસારના આ આટાપાટામાં
કેવા છે હાલ ? ખોવાયા છો ક્યાં ?

હસ્યા, રડ્યા, તમે રોજ કોને ક્યાં ?
મારે કાજ તમે ચાલ્યા છો ક્યાં ?
આંખમાં અંજન કોના છે આંજ્યા ?
કોને કેટલા મનમાં સ્થાપ્યા ?

મુજને ભૂલીને ભટકી રહ્યા ક્યાં ?
સાદ કરો તો દોડી આવું ત્યાં
સુણી સર્વેશ્વરી ક્ષણમાં જાગ્યા
જગાડવાને જાણે આવ્યા.



॥ ॐ श्रीपरमात्माने नमः ॥

# સંત હૃદયોદ્ગાર

—સ્વામી શ્રીશરણાનંદજી

(બ્રહ્મલીન પૂજ્યપાદ સ્વામી શ્રીશરણાનંદજી મહારાજના હૃદયસ્પર્શી ઉદ્ગાર)

૧. જો તમે ભગવાનને માનો છો, તો તે માન્યતાનો પરિચય મારા-તમારા જીવન દ્વારા થાય, માત્ર વિચારોથી નહીં. આપણું જીવન જ કહી દે કે આપણે ભગવાનને માનીએ છીએ.

—સંત-સમાગમ

૨. ઘણા લોકો છે જે પ્રભુને માને છે. ઘણા લોકો છે જે સંસારની વાસ્તવિકતાને જાણે છે. મહત્ત્વની વાત એ છે કે જે જાણ્યું છે તેનો પ્રભાવ જીવનમાં કેટલો છે; જે માન્યું છે તેનો પ્રભાવ જીવનમાં કેટલો છે.

—સફલતાકી કુંજી

૩. ભગવાનનું સ્મરણ કરવાથી જીવનું કલ્યાણ થાય છે-આ વાત પણ આપણે સારી રીતે જાણીએ છીએ, છતાં મન ભગવાનમાં લાગતું નથી, તો આનાથી વધીને બીજી નાસ્તિકતા કઈ હશે ? આશ્ચર્ય એ વાતનું છે કે આપણે મહામૂર્ખ અને નાસ્તિક હોવા છતાં પણ પોતાને આસ્તિક અને બુદ્ધિમાન માનીએ છીએ.

—સંતવાણી (પ્રશ્નોત્તર)

૪. વસ્તુવિશેષમાં ભગવદ્બુદ્ધિ થવી કોઈ કઠણ વાત નથી. પરંતુ આ અધૂરી આસ્તિકતા છે. પૂરી આસ્તિકતાનો તો અર્થ એ છે કે ભગવાનથી ભિન્ન કાંઈ છે જ નહીં. હમણાં પણ નથી, પહેલાં પણ ન હતું અને ભવિષ્યમાં પણ નહીં હોય.

**—સંતવાણી**

૫. ગંભીરતાથી વિચારો, કોઈના હોવાનો કશો અર્થ નથી, જ્યાં સુધી કે તેની સાથે આપણો સંબંધ ન થાય અને કોઈની પણ સાથે સંબંધ ત્યાં સુધી નથી થતો, જ્યાં સુધી તેની આવશ્યકતા ન હોય.

**—સંત-સમાગમ**

૬. જો તમને તેમના વિના અનુકૂળતા પ્રિય છે, તો તે એ પ્રકારની છે કે એક સુંદર ઓરડો સજાવેલો છે અને તમે મિત્ર વિનાના (એકલા) છો; એક સુંદર સ્ત્રી શણગાર કરે અને પતિથી વંચિત રહે, અથવા શરીર આત્મારહિત હોય. આસ્તિકવાદનું ન હોવું જીવનમાં એકલા પડી રહેવા જેવું છે.

**—સંત-સમાગમ**

૭. કશું ન કરવાથી જીવન પોતાના માટે ઉપયોગી થઈ જાય છે અને સાચું (કર્તવ્ય કર્મ) કરવાથી જીવન જગતને માટે ઉપયોગી થઈ જાય છે.

**—સંતવાણી**

૮. પોતાના માટે કાંઈ કરવું—આ અસતનો સંગ છે.

**—મૂક સત્સંગ**

૯. એવું માની લેવું કે અમે જ્યારે કાંઈક કરીશું, તો જ કાંઈક મળશે, કર્યા વિના કશું મળતું નથી—આવી ધારણામાં આસ્થા કરવી એ મનુષ્યને અવિનાશી જીવનથી વિમુખ કરે છે.



**—સફળતાકી કુંજી**

૧૦. જે દિવસ-રાત પોતાના અહમ્‌ના મહત્ત્વને જ વધારતો રહે છે, દુનિયા તેનું મોઢું જોવાનું પસંદ કરતી નથી, આ હકીકત છે.

**—સંતવાણી**

૧૧. 'सबहिं नचावत राम गोसाईं'—આ તે ભક્તના હૃદયની પોકાર છે કે જેનો અહમ્‌ભાવ મટી ગયો છે.

**—સંત-પત્રાવલિ**

૧૨. આપણે સ્વયંમાંથી 'હું સર્વહિતૈષી છું', 'હું ઇચ્છારહિત છું' અથવા 'મારે પોતાને માટે સંસારમાંથી કાંઈ જોઈતું નથી'—આવો અહમ્‌ભાવ પણ ઓગાળી નાંખવો જોઈએ. આ ત્યારે જ સંભવ થશે, જ્યારે સર્વહિતકારી પ્રવૃત્તિ થવા છતાં પોતાનામાં કર્તાપણાનું અભિમાન ન આવે અને ઇચ્છારહિત થયા છતાં પણ 'હું ઇચ્છારહિત છું' આવો ભાસ ન થાય. કારણ કે અહમ્‌ભાવ સાથે વાસ્તવમાં કોઈ ઇચ્છારહિત થઈ શકતું નથી; કેમ કે સેવા તથા ત્યાગનું અભિમાન પણ કોઈ રાગથી ઓછું નથી.

**—જીવનદર્શન**

૧૩. જો તમે અન્ય લોકો માટે બોલો છો, અન્ય લોકો માટે સાંભળો છો, અન્ય લોકો માટે વિચારો છો, અન્ય લોકો માટે કામ કરો છો તો તમારી ભૌતિક ઉન્નતિ થતી જ રહેશે. તેને કોઈ રોકી શકતું નથી. અને જો તમે કેવળ પોતાના માટે જ વિચારો

છો તો દરિદ્રતા કદીએ જશે નહીં.

**—સંતવાણી**

૧૪. હું તો એ તારણ પર આવ્યો છું કે આપણાં બધાંનું વર્તમાન આપણાં સૌના વિકાસમાં હેતુ છે; ચાહે વર્તમાન દુઃખરૂપ હોય કે ચાહે સુખરૂપ હોય.

**—સંતવાણી**

૧૫. સૌથી શ્રેષ્ઠ ઉપદેશક કોણ છે ? જે પોતાના આચરણથી ઉપદેશ આપે છે. તે સૌથી મોટો વક્તા છે, સૌથી મોટો પંડિત છે, સૌથી મોટો સુધારાવાદી છે. અને સૌથી નિકૃષ્ટ કોણ છે ? જે પરચર્ચા કરીને ઉપદેશ કરે છે. ક્યારેક વ્યક્તિઓની ચર્ચા, ક્યારેક પરિસ્થિતિઓની ચર્ચા.

**—સંતવાણી**

૧૬. કર્તવ્યનિષ્ઠ થવાથી જ કર્તવ્યપરાયણતા વિસ્તરે છે, સમજાવવાથી નહીં, ઉપદેશથી નહીં, શાસન કરવાથી નહીં, ભયથી નહીં અને પ્રલોભનથી પણ નહીં.

**—સંતવાણી**

૧૭. જ્યાં સુધી સંસારની સત્યતા અને સુંદરતાનો ભાસ છે, ત્યાં સુધી કામ-જ-કામ છે.

**—સંતવાણી**

૧૮. જ્યારે સાધક પ્રાપ્ત વિવેક દ્વારા શરીરના વાસ્તવિક સ્વરૂપનું દર્શન કરી લે છે, ત્યારે શરીરની સત્યતા અને સુંદરતા મટી જાય છે અને તેના મટવાથી જ કામનાનો અંત થઈ જાય છે.

**—સંત-સૌરભ**



૧૯. જેને કોઈ ચાહ નથી, તે જ ‘પ્રેમ’ કરી શકે છે અને જેને કોઈ ચાહ નથી તે જ ‘મુક્ત’ થઈ શકે છે.

**—માનવકી માંગ**

૨૦. મારો પોતાનો આજ સુધીનો અનુભવ છે કે જે આપણે ઈચ્છીએ છીએ, તે ન થાય, એમાં જ આપણું હિત છે. મેં તો જ્યાં સુધી મારા મનની વાત માની છે, પોતાના મન મુજબ કર્યું છે ત્યારે પતન સિવાય, અવનતિ સિવાય મને તો પરિણામે કાંઈ મળ્યું નથી.....હું તમારી સામે મારી અનુભૂતિ વ્યક્ત કરી રહ્યો છું અને આનાથી લાભ ઉઠાવવા ઈચ્છતા હો તો મન-માની ન કરો. પ્રભુ ઈચ્છે તે થવા દો. પ્રભુ એ જ ઈચ્છે છે જે આપ—મેળે થઈ રહ્યું છે.

**—સંતવાણી**

૨૧. કોઈપણ પ્રકારની કામના ન રાખનાર ‘રાજાઓનો રાજા’; પ્રાપ્ત શક્તિથી થોડી ઓછી કામના રાખનાર ‘ધનવાન’; શક્તિ અનુસાર કામના રાખનાર ‘મજૂર’ અને શક્તિથી વિશેષ કામના રાખનાર ‘કંગાલ’ છે.

**—સંત-પત્રાવલિ**

૨૨. કામના જ ક્રોધનું કારણ છે, ભલે તે કામના શુભ હોય કે અશુભ. જો કે અશુભથી શુભ શ્રેષ્ઠ છે, પરંતુ શુભ કામના પણ દુઃખનું કારણ છે.

**—સંત-પત્રાવલિ**

૨૩. ભગવાન ઈચ્છા પૂરી કરતા નથી, તેઓ તો ભક્તોને ઈચ્છા-રહિત કરે છે.

**—સંત-જીવન-દર્પણ**

૨૪. ઈચ્છાઓ શેષ હોય અને પ્રાણ ચાલ્યા જાય તો 'મૃત્યુ' થઈ ગયું અને મૃત્યુ પહેલાં ઈચ્છાઓ નિવૃત્ત થઈ જાય તો 'મુક્તિ' થઈ જાય.

**—સંત-જીવન-દર્પણ**

૨૫. જ્યારે આપણા મનની ઈચ્છાથી વિપરીત થાય, ત્યારે સાધકે સમજવું જોઈએ કે હવે પ્રભુ પોતાના મનની વાત પૂરી કરી રહ્યા છે.

**—સંત-સૌરભ**

૨૬. જો ભગવાન પાસે કામના લઈને જઈશું તો ભગવાન સંસાર બની જશે અને જો સંસાર પાસે નિષ્કામ થઈને જઈશું તો સંસાર પણ ભગવાન બની જશે. તેથી ભગવાન પાસે પ્રેમ કરવા માટે જવું અને સંસાર પાસે સેવા કરવા અને બદલામાં ભગવાન અને સંસાર બન્ને પાસે કશું ન માગીએ તો બન્ને પાસેથી પ્રેમ મળશે.

**—સંતવાણી (પ્રશ્નોત્તર)**

૨૭. પરમાત્મા પાસે જો કંઈ માગશો તો તમારો સંબંધ પરમાત્મા સાથે તો રહેશે જ નહીં, જે આપણે માંગીશું તેની સાથે (સંબંધ) થઈ જશે.

**—સંતવાણી**

૨૮. આપણને જે જોઈએ છે, તે આપણામાં છે.

**—સંતવાણી**

૨૯. જો તમે એવું માનો છો કે સત્યની જિજ્ઞાસાની સાથે-સાથે અસતની કામના પણ છે, તો માનવું પડશે કે સત્યની



જિજ્ઞાસાના નામે તમે કોઈ અસતનો ભોગ કરવા ચાહો છો.

**—સંતવાણી**

૩૦. આપણે પોતાનામાં જે ઈચ્છા ઉત્પન્ન કરી લીધી છે, એ જ આપણી અને પ્રભુની વચ્ચે મોટો પડદો કહો કે ઊંડી ખાઈ કહો—બની ગઈ છે.

**—સંત-ઉદ્‌બોધન**

૩૧. તેમની અહૈતુકી કૃપા માગ્યા વિના જ આવશ્યક વસ્તુ આપી દે છે અને અનાવશ્યક વસ્તુ માગવા છતાં આપતી નથી. આ દૃષ્ટિએ કંઈ પણ માંગવું એ અણસમજણનો પરિચય આપવા જેવું છે અને તેમના મંગલમય વિધાનનો અનાદર છે.

**—સંત-પત્રાવલિ**

**વિજય કનેરીયા : ૯૮૨૪૨૧૫૨૬૭, સ્મિતાબહેન : ૯૪૨૮૧૫૬૫૨૩**

**હાશ®**

**મગફળી, તલ, ટોપરા, દાળીયાની ચીકી**

**★ કનેરીયા એન્જીનીયરીંગ વર્કસ ★**

ભક્તિનગર, રેલ્વે સ્ટેશન ચોક, **રાજકોટ—૩૬૦૦૦૨**

# ફાધર્સ ડે

—જ્યોત્સ્નાબહેન ત્રિવેદી

## ફાધર્સ ડે અંગે એક ભારતીય દીકરીના પ્રતિભાવ

(આજની પશ્ચિમની દુનિયાના દેશોમાં મા-બાપ અને સંતાનો વચ્ચેના સંબંધો દિવસે-દિવસે ઉષ્મા ગુમાવતા રહ્યા છે ત્યારે એક ભારતીય દિકરીએ તેના જીવનમાં તેના પિતાના પ્રદાન અંગે જે વાતો લખી છે તે પ્રેરણાસ્પદ છે. તેથી તે દિકરીનો પત્ર અહીં રજૂ કર્યો છે. જે કેટલીક વાતો પિતાને પણ આજે યાદ નથી તેવી વાતોમાંથી તેણે જે પ્રેરણા મેળવી છે તે સાચે જ તેની ગુણગ્રહિતા દર્શાવે છે. તેથી જ અધ્યાત્મના વાંચકોના પશ્ચિમના દેશોના સંતાનોને પ્રેરણા મળે તે હેતુથી તે પત્ર અહીં રજૂ કર્યો છે. વાંચકોને તે ગમશે એવી આશા છે.

એટલે ત્યાં દીકરો કે દીકરી પુખ્તતા પ્રાપ્ત કરતાં કે આ મા-બાપથી અલગ-સ્વતંત્ર થવાની ઇચ્છા રાખે છે. તેથી જ વરસમાં એક દિવસ Father's અથવા Mother's Day ઉજવી ઋણ અદા કર્યાનો સંતોષ માને છે. જ્યારે ભારતમાં બધે એવું નથી. તેમાં દીકરી તો મોટા ભાગે જોબ ભણતરને કે લગ્નને લીધે મા-બાપથી દૂર જવું પડે છે.

એક ભારતીય દીકરીએ પોતાના લગ્નના પચાસ વર્ષ પછી પોતાના જીવનમાં પિતાએ કરેલા ઋણને અંજલિ આપતો એક સરસ પત્ર અમને લખ્યો છે તે અમે અધ્યાત્મના વાંચકો માટે રજૂ કરેલ છે. આશા છે કે સૌને ગમશે.)

—તંત્રી



પૂજ્ય અને પ્રિય કાકા,

૧૮ જૂન 'ફાધર્સ ડે' ભારતીય સંસ્કૃતિ તો રોજ જ શીખવે પિતૃદેવો ભવઃ, પણ સમયની સાથે પણ ચાલવાનું ગમે. એટલે આ દિવસે આપની જીવનશૈલીનું વિશેષ ચિંતન થાય એ સ્વાભાવિક છે.

૧૯૫૫ની સાલમાં આપનો મુંબઈનગરીના પરિત્યાગના એક નિર્ણયે અમારા સહુની પણ તમારી સાથે જીવન નૈયાને એક અદ્‌ભૂત અમૂલ્ય વળાંક આપ્યો. પારિવારિક અશાંતિમાંથી મુક્ત થઈને શાંતિમય જીવન જીવવા માટે આપે ખૂબ મોટી આર્થિક ખોટ ખાઈને તે શાંતિમય જીવનને સ્વીકારી લીધું. મારી જીજીના સમજદારીપૂર્વકના સહકારે તમને તેમાં સફળતા આપી પણ સાથે સાથે અમારા સહુનો જે વિકાસ થયો જે ઘડતર થયું તે કદાચ મુંબઈમાં એ પ્રકારનું ના થયું હોત અમે પણ સહુ સગા-વહાલા અને સમાજના બંધનમાં અટવાઈ ગયા હોત.

આ તમારા ભવ્ય ત્યાગનું સર્વશ્રેષ્ઠ નજરાણું પૂ.શ્રી સાથેનો સહવાસ. મહેસાણા નડિયાદ, જામનગર, સુરત, હિંમતનગર કે ભાવનગરમાં પૂ.શ્રી અને પાછળથી પૂ.શ્રીમા સાથે જીવન જીવવા મળ્યું તે ન મળ્યું હોત. જે આજે અમારા ચારે જણનું અમૂલ્ય જીવન ભાથું છે. ભૌતિક રીતે તમારી મર્યાદામાં રહીને તમે અમને સર્વ શ્રેષ્ઠ જીવન આપ્યું પણ અમારું જે વૈચારિક અને સંસ્કારિક ઘડતર કર્યું તે માત્ર એક સ્વતંત્ર પરિવારમાં જ શક્ય બન્યું. સહુ સાથે પ્રેમ તેવો જ રહ્યો પણ સહુથી વિશેષ આગવું કંઈક જરૂર પ્રાપ્ત થયું. તમારી નીડરતા, નીતિમતા, સત્યપ્રિયતા, પ્રામાણિકતા એ અમારા સહુના જીવન પર એક

ઊંડી છાપ પાડી. તમારી મૌલિક વિચારસરણીએ અમારી પ્રતિભાઓને વિકસવાનો અદ્‌ભૂત અવસર આપ્યો. દરેક સફળતામાં જાણ્યે અજાણ્યે તમે એક સ્થંભની જેમ ઊભા રહ્યા. અમારી કોઈપણ પ્રકારની મુશ્કેલીમાં તેમાંથી મુક્ત થવા માટે અનરાધાર વરસ્યા પ્રકાર ભલેને ગમે તે હોય !

કોઈપણ પ્રસંગમાં જેમ મા પ્રભુ છે ને એક એવી હૈયા ધારણ સાથે કાકા છે એવી હૈયા ધારણ આજે પણ છે. જે તમારા પ્રેમાળ વ્યક્તિત્વનું અમારા સહુ પર વરસેલું એક આશીર્વાદનું વાદળું છે. પિતા તો આકાશ હોય ! જ્યાં સૂર્ય, ચંદ્ર, તારા, ગ્રહ, નક્ષત્ર અને ઘણું બધું હોય અને જીવનમાં વાટે વાટે એ સહુનો અનુભવ થતો રહ્યો.

કાકા તમારી નાદુરસ્ત તબિયતની ચિંતા રહે જ. સતત રહે. પણ સહજ વિચાર કરો આપના ગુરુદેવ, આપના પરમ સખા જે પરમને પામવા સાત સાત વર્ષ ન સૂતા કદાચ તેણે તમારી ચેતના જાગૃત કરી દીધી હશે. એમને આ સમયમાં પણ તમને એ પરમની પ્રાપ્તિ કરાવી લેવી હશે. કદાચ ઊંઘ  તેમાં વિક્ષેપ રૂપ હશે એટલે તેનું હરણ થયું હશે.

મારે ઘણી બધી શારીરિક માંદગી વખતે એનેસ્થેસીયા લેવું પડ્યું પણ મને લાગે જ નહીં. ડૉ. કહે તમારી ચેતના જાગૃત છે. એકવાર છ ઈન્જેકશન એક સાથે આપ્યા. જીવન મરણ વચ્ચે ઝોલાં ખાવાનો પ્રસંગ હતો. પણ અનિવાર્યતા હતી. તમારી જાગૃત ચેતનાને હવે સામાન્ય નિંદ્રાની જરૂર નહીં હોય છતાં પ્રભુને પ્રાર્થના કરીએ છીએ કે તમને તમારી બધી જ શારીરિક તકલીફોમાંથી મુક્તિ મળે અને તમે ખૂબ જલ્દી જલ્દી સ્વસ્થ થઈ



જાઓ. તમારા પુત્રો અને પુત્રવધૂઓની રાત-દિનની સતત સેવા લેખે લાગે.

"હિમાલયના પત્રોની પુસ્તકની સાઈઝની વાત રાજુભાઈ સાથે થઈ હતી. આ પ્રમાણની લંબાઈ સામાન્ય પુસ્તક કરતાં ઓછી પહોળાઈ વધુ. કંઈક જુદુ ને સારું લાગ્યું. હું બધા જ પ્રકાશકોને ત્યાં પત્ર સાહિત્ય જોઈ આવી. દરેક પત્ર જમણા પાનાથી શરૂ થાય. અને ડાબા પાને મેં જે પત્રોમાંથી તારણ કાઢ્યા છે તે વાક્યો મૂકી શકાય. તરલા બહેને કંઈક પ્રસ્તાવના જેવું લખ્યું છે. છતાં 'માના' લખાણનો આગ્રહ રાખવા જ અને માના સ્વરૂપનો પણ. ૧૦ ને બદલે ૧૨ સ્વરૂપો થાય તો વાંધો નહીં. તેનું ટાઈટલ પેજ પૂ.માએ બનાવરાવ્યું છે."

બાળકો છીએ જીવનમાં ઘણી ઘણી ભૂલો કરી હશે. ક્યારેક તમને દુભવ્યા પણ હશે તમે હંમેશાં અમને ઉદારતાથી માફ કર્યા જ છે પણ તે છતાં આજે હૃદયપૂર્વક આપની ક્ષમા માંગીએ છીએ અને ભૂલ કે ભૂલોનું પુનરાવર્તન ન થાય તેવા આશીર્વાદ માંગીએ છીએ.

ભરતકુમારનું ઢીંચણ દવાઓનો યોગ્ય પ્રતિસાદ નથી આપતું બાળકો મઝામાં છે. શ્લોક ભાઈની સ્કુલ કાલથી ચાલુ થઈ છે. ઉધ્ધવના એડમિશનનું લીસ્ટ ૨૭મી જૂને બહાર પડશે. કુણાલ ૧૦ મીએ ૩ મહિના માટે નૈરોબી જવાનો છે. અંતે આપના શ્રી ચરણે સાષ્ટાંગ દંડવત પ્રણામ એજ.

**જ્યોત્સ્નાના પ્રણામ.**

# સ્થિતપ્રજ્ઞનાં લક્ષણો

—યોગેશ્વરજી

ભગવાને કહેલાં સ્થિતપ્રજ્ઞનાં લક્ષણોનો ભાવાર્થ આ પ્રમાણે સમજી શકાય :

(૧) સ્થિતપ્રજ્ઞ પુરુષ કામનાનો ત્યાગ કરીને મનને તેના મૂળ સ્વરૂપ પરમાત્માનું મિલન કરાવે છે તેથી તેને પરમાનંદની પ્રાપ્તિ થાય છે. તે સદા આત્માનંદમાં મગ્ન રહે છે.

(૨) દુઃખના ડુંગર તૂટી પડે તો પણ તે દુઃખી થતો ને શોક કરતો નથી. સુખ ને સંપત્તિથી છલકાઈ કે ફુલાઈ જતો નથી. તે ભય, ક્રોધ ને રાગદ્વેષથી મુક્ત હોય છે.

(૩) પરમાત્મામાં જ તે આનંદ માને છે. પરમાત્માને પ્રેમ કરે છે. સારા કે નરસા વાતાવરણ કે પદાર્થની પ્રાપ્તિથી તે હરખાતો કે શોક કરતો નથી. તેના પરમાત્મ પ્રેમમાં કોઈ જાતનો વિક્ષેપ નથી પડતો.

(૪) કાચબો જેમ અંગોને સંકોચી લે છે, તેમ તે ઇન્દ્રિયોને બહારના પદાર્થોમાંથી પાછી વાળી સ્થિરતાનો આનંદ અનુભવે છે.

(૫) પહેલાં તે વિષયોથી દૂર રહી સંયમ કરે છે, તેથી તેનો વિષયરસ દૂર થાય છે. છતાં વિષયરસનો સ્વાદ લેવાની જે સૂક્ષ્મ વૃત્તિ તેના દિલમાં રહી ગઈ હોય છે, તે ક્યારેક પાંગરવાનો સંભવ રહે છે. પરમાત્માનું દર્શન કરવાથી તે વૃત્તિ પણ દૂર થાય છે ને તે સંપૂર્ણપણે પવિત્ર બની રહે છે.



(૬) તે મનને વશ કરે છે, મનની ગુલામીનો નાશ કરે છે.

(૭) રાગ ને દ્વેષથી રહિત થઈને તે મનનો કાબુ કરે છે. ઈન્દ્રિયોથી વિષયોને વિવેકી બનીને ભોગવે છે ને બીજા જરૂરી કર્મ કરે છે. તેથી તેને પરમાત્માની કૃપાની પ્રાપ્તિ થાય છે.

(૮) તેથી તેનાં દુઃખ દૂર થાય છે. તેની ચિંતા મટી જાય છે ને તેની બુદ્ધિ સત્વર સ્થિર થાય છે.

(૯) પરમાત્માની સાથેની એકતાનો અનુભવ ના કરનાર ને મન તથા ઈન્દ્રિયોનો કાબૂ ના કરનારને શુદ્ધ બુદ્ધિની પ્રાપ્તિ થતી નથી તથા ઉત્તમ ભાવના પણ તેમનામાં ઊઠતી નથી. ઉત્તમ ભાવના વિના શાંતિ મળવી મુશ્કેલ છે. સ્થિતપ્રજ્ઞને સ્થિરતા, વિવેક ને સુખશાંતિની પ્રાપ્તિ થઈ હોય છે.

(૧૦) સાધારણ માણસો સંસારના ક્ષણભંગુર પદાર્થોમાં આનંદ માને છે ને લપટાય છે ને દેખતા છતાં અંધ ને જાગતાં ઊંઘતા જેવા છે. સ્થિતપ્રજ્ઞ પુરુષની વાત તેથી જુદી જ હોય છે. વિષયોનો રસ દૂર કરીને તે પરમાત્માના પ્રેમરસનો અનુભવ કરવાની ઈચ્છા રાખે છે. પરમાત્માનો અનુભવ કરતાં જ્ઞાનની દૈવી દુનિયામાં તે સદાય જાગતો રહે છે. એક પળનો પણ પ્રમાદ કરતો નથી, ને લેશ પણ ગફલતમાં પડતો નથી.

(૧૧) સાગરમાં સમાઈ જતા જુદા જુદા પાણીના પ્રવાહોની પેઠે કામનાઓ તેમના મનમાં સમાઈ જાય છે. તે તેને ચંચલ કરતી નથી, ને તેની શાંતિ ને સન્મતિની મર્યાદાને તોડી દઈને તેને ઉચ્છૃંખલ ને અશાંત નથી બનાવતી.

(૧૨) તે કોઈની પણ સ્પૃહા વિનાનો હોય છે. કોઈની

ખોટી પરવા કે ખુશામત નથી કરતો. મમતા ને અહંતાથી રહિત હોય છે. અભિમાન તો તેને અડકી શકતું પણ નથી. તે શિશુ જેવો સરલ ને નમ્ર હોય છે.

(૧૩) કોઈયે સંજોગોમાં, કોઈએ કારણથી, તેને મોહ નથી થતો; તે અજ્ઞાની નથી બનતો. તેના અંતરમાં પ્રકટી ચૂકેલી જ્ઞાનની જ્યોતિ તેને કાયમી પ્રકાશ પૂરો પાડે છે.

(૧૪) છેવટે શરીર છૂટતાં, તે મુક્તિ મેળવે છે. શરીરમાં રહીને જ તેણે મુક્તિ મેળવી હોય છે પરંતુ શરીર છૂટ્યા પછી તેને ફરી શરીર ધારણ કરવાની કે જન્મવાની ફરજ પડતી નથી.

રોજ સવારે તમારી પાસે બે વિકલ્પ હોય છે, સુઈ રહીને સ્વપ્નો જ જોતા રહો અથવા જાગીને સ્વપ્નોને સાકાર કરો. પસંદગી તમારી.....

જગતમાં કોઇ કોઇનું દોસ્ત કે દુશ્મન નથી, માણસનું વર્તન જ દોસ્ત કે દુશ્મન બનાવવા જવાબદાર છે.

ફોન : દુકાન : ૨૨૫૮૮૧૨ ઘર : ૨૬૬૪૦૭૮
મોબાઇલ : ૯૩૭૪૭૧૦૩૦૪
**દીપક સી. મહેતા**
**કૃષ્ણા ફિલ્મ્સ એન્ડ સ્ટુડિઓ**
૧, શ્યામ એપાર્ટમેન્ટ, કાકડીઆ કોમ્પ્લેક્ષ પાસે,
ઘોડદોડ રોડ, **સુરત**-૩૯૫૦૦૧



# આવો-હે યમ દેવ, હું તૈયાર જ છું.

**–મા સર્વેશ્વરી**

ભૂજની હાઈસ્કુલમાં જેમણે શિક્ષણક્ષેત્રે વરસો સુધી સેવા આપી, ભૂજને જ વતન માન્યું. જીવનભર અતિ પ્રામાણિકતા ને નિષ્ઠા સાથે અતિ સાદગી ભર્યું જીવન, ધાર્મિક ગ્રંથો ને અભ્યાસ સાથે ઘરે ઘણી મોટી લાયબ્રેરી બનાવી, અરે અપ્રાપ્ય ગ્રંથો ફૂટપાથ ઉપરથી પણ શોધ્યા, વસાવ્યા, વાંચ્યા અને વંચાવ્યા. સ્વર્ગારોહણ 'મા'ને પણ પહોંચાડ્યા. ધર્મગ્રંથના જાણે સાચા જિજ્ઞાસુ એટલે પોતાના સૌ સ્વજનોને પણ સદ્‌ગ્રંથો મોકલતા રહ્યા ને સંસ્કૃતિના સંરક્ષક પદને દીપાવતા રહ્યા.

જીવનના સર્વ સાંસારિક પાઠ પતિ તરીકે, પિતા તરીકે, ભાઈ તરીકે, દાદાજી તરીકે શ્રેષ્ઠ આદર્શ અભિનય ભજવી સફળ ગૃહસ્થાશ્રમી બન્યા. સૌને સહાયક બની ઘસાઈને ઉજળા થયા. સેવા ભાવી શિક્ષક તરીકે સૌના સન્માનના અધિકારી બન્યા.

સ્વાશ્રયી જીવન સ્વમાન સાથે જીવવું એવા આદર્શ સાથે નિવૃત્ત બનીને ભૂજમાંજ સરસ સમય પસાર કરતા હતા.

શરીરને માંદગી આવી. ભૂજમાં શ્રેષ્ઠ સારવારની સુવિધા ન હતી એટલે મન ના માને છતાં અમદાવાદ આવવાની ફરજ પડી એટલે પુત્રના ઘરે આવ્યા. ડૉક્ટરની સારવાર વચ્ચે પુત્રના ઘરે જ દશ મહિના રહ્યા.

એ દશ મહિનામાં વસિયત નામું તો કર્યું જ પણ પોતાની અંગત વસ્તુની પણ યાદી કરી. કોને શું આપવું એ બધું જ નાનું

મોટું ઝીણવટ ભર્યું કાર્ય ચોકસાઈ સાથે કરી લીધું. ધર્મપત્નીને માટે પણ સ્વમાન સાથે સ્વાશ્રયી જીવન જીવવા માટેની બધી જ વહીવટી યોજના પણ બનાવી દીધી. જાણે અમદાવાદ એટલા માટે જ આવ્યા હોય એવું લાગે છે. મૃત્યુને પરમ મિત્ર માની તેને વધાવવાની તૈયારી કરી લીધી. સ્વસ્થ જ હતા, હરતા ફરતા હતા. અચાનક અસ્વસ્થતા વધી, હોસ્પિટલમાં દાખલ થયા તે દિવસ હતો ૪ મે ૨૦૧૭.

જેમની આ વિશેષતા હતી તે શ્રી પ્રાણજીવન ભાઈએ ૭૨ વર્ષની ઉંમરે પૃથ્વી પરથી વિદાય લીધી. પણ તે વિદાય વધાવવા જેવી બની ગઈ.

હોસ્પિટલમાં તારીખ ૯ અને ૧૦ એટલે કે છેલ્લા બે દિવસ સંપૂર્ણ જાગૃતિ સાથે સતત સતત સૌ સાથે વાતો કરતા રહ્યા. સંભાળનારા થાકે પણ તેઓ સતત વાતો કરતા રહ્યા. તે વાતો ધ્યાનથી વાંચતા ખ્યાલ આવશે કે તેમની મૃત્યુને આવકારવાની કેવી તૈયારી હતી. કેવી અલિપ્તતા ? કેવી જાગૃતિ ? કેવી નિર્ભયતા ? આવી વિશેષ વ્યક્તિને વંદન કરી વધાવવાનું મન યમદેવને પણ થાય એવી વીરતાભરી વૈરાગ્ય સાથેની અવસ્થા.

મોટા ભાઈએ જાણ્યું કે મારો નાનો ભાઈ ગંભીર માંદગીમાં હોસ્પિટલમાં છે તો મળવા આવ્યા. તો આ નાના ભાઈ (પ્રાણજીવનભાઈ) એ મોટાભાઈની ક્ષમા માંગી. કહેવા લાગ્યા.

પ્રા : જુઓ હું બધું જ મુકીને જાઉં છું. બધું અહીં જ પડી રહેવાનું છે. તમે પણ હવે ધંધો છોડી દીકરાને સોંપી શાંતિથી જીવન જીવો. પરિવારના બાળકોનું ધ્યાન રાખજો.

તમારો દર મહિને ચામુંડા માતાજીના દર્શન નો નિયમ છે. એટલે તમે જવા માંગો છો. પણ તમે હવે ના જતા. નહીં તો



તમારે પાછું અહીં આવવું જ પડશે. હું હવે નથી રહેવાનો.

મોટાભાઈ કહે ભાઈ તું 'મા'નું નામ લે. તો જવાબમાં :

પ્રા : હું તો મરી ગયો છું. આ શરીરમાં હવે આત્મા છે જ નહીં. સ્મરણ તો હવે એની મમ્મી કરશે. મારે તો હવે જવાનું છે.

આરતીબેન (મોટી દીકરી)ને કહેવા લાગ્યા.

પ્રા : તું મારે માટે કેટલું બધું કરે છે. તારું ઋણ હું કેવી રીતે ચૂકવીશ ? તમને 'મા' સર્વેશ્વરી મળ્યા તો તમારું જીવન સુધરી ગયું. એક સાચા સંત પાસે વારંવાર જવાથી તેમના સાન્નિધ્યે પૂજન, દેવીશામાં પણ સારા સંસ્કાર છે. બિપીનકુમારમાં પણ અધ્યાત્મ જીવનની ઉત્તમ સમજ 'મા'ના સાન્નિધ્યે આવી છે.

'મા'એ તમને બન્ને ને સમજણ આપી છે તો બન્ને ભાઈબેનનું ધ્યાન રાખજે. તારા મમ્મીને તારા ઘરે લઈ જજે.

આ શરીર તો નકામું છે. આખું શરીર ખરાબ થઈ ગયું છે. આવા શરીરે રહીને શું કરું ? મારે માટે આ શરીર હવે કશા કામનું રહ્યું નથી.

દિનેશ (પૂત્ર)ને કહે.

પ્રા. તું તારી માતાને જરાપણ દુઃખ ના પહોંચાડીશ. એ તો દેવી છે. તેની સારી રીતે સંભાળ રાખજે. મારે હવે જીવવું નથી. હવે જવા માટે તૈયાર છું.

શ્રી બિપીનભાઈને કહે.

પ્રા. તમારું જીવન 'મા'ને કારણે સારું છે. તમારા ઘરનું વાતાવરણ મને ખૂબ ગમે છે. બાળકોના સંસ્કારની સમજ છે. તમે જે માર્ગે છો તે ઉત્તમ છે. એમના સંસ્કારો જાળવી રાખજો.

કવિતા (દીકરી) પણ સ્વાધ્યાયની પ્રવૃત્તિ કરે છે. એના વિચારો ને વાંચન પણ સારું છે.

તમે બધા શાંતિ ને સંપથી રહેજો.

હોસ્પિટલની રૂમમાંથી બધા સ્વજનોને કહ્યું,

તમે બધા બહાર જાવ, મારે ડૉક્ટર જોડે વાત કરવી છે.

ડૉક્ટર : બોલો કાકા શું કહેવું છે ?

પ્રા : મારે હવે જવાનો સમય થઈ ગયો છે. મને વેન્ટીલેટર ઉપર ના મુકશો. મને શાંતિથી મરવા દેજો.

પોતાના ધર્મ પત્નીને પલંગ પાસે બોલાવ્યા. હાથ જોડીને ક્ષમા માંગીને કહેવા લાગ્યા.

પ્રા : હવે મારો સમય આવી ગયો છે. મારે જવાનું છે. તું અહીયાં જ રહેજે. તું રડીશ નહીં. તારે બંગડી ચાંદલો કાઢવાના નથી. બધા જ રંગની સાડી પહેરે છે તેવી જ પહેરજે.

આ શરીર તો નકામું છે. રખીયા (રાખ) થઈ જવાનું છે. આ શરીરનો મોહ ના રાખીશ. તું ''મા'' સર્વેશ્વરીને ભજજે, પાઠ કરજે.

તે પછી સૌ સ્વજનોને કહેવા લાગ્યા.

પ્રા : મને 'મા' સર્વેશ્વરીએ કહ્યું હતું કે તમે સાજા થઈ જશો પછી હું ભૂજ આવીશ.

પણ હવે 'મા'એ કહ્યું 'તમારો સમય થઈ ગયો છે. હવે અમે અમારું વચન નહીં પાળી શકીએ. અમે ભૂજ નહીં આવી શકીએ.'

આવો 'મા' આવો. (બન્ને હાથ ઉંચા કરીને કહી રહ્યા છે)

સૌ સ્વજનો આવી વાતો સાંભળી કહેવા લાગ્યા, તમે થોડુક



જમી લો તો સારું થઈ જશે.

તો કહે : સારું તો હવે થવાનું જ નથી. હવે મારે જવાનું જ છે. જો અહીં 'મા' પધાર્યા છે ! 'મા' માટે ફળ લઈ આવ.

અમે વાડકીમાં ફળ આપીએ છીએ. તો હાથમાં વાડકી લઈને કહે.

લો 'મા' પ્રસાદ.

અને પછી પોતે ફળ લે છે. દ્રાક્ષનો પ્રસાદ પોતાના ધર્મપત્નીને પણ આપે છે.

કહે છે : આ રહ્યા 'મા' સર્વેશ્વરી. 'મા' અહીં જ છે. મારી બાજુમાં જ છે.

'મા' આવો 'મા' આવો.

તે પછી. આરતીબેન શ્રી યોગેશ્વર બાવની મોટેથી બોલવા લાગ્યા, તો તેમણે આખી બાવની સાથે ગાઈ. હનુમાન ચાલીશા પણ આખી ગાઈ. પછી 'ૐ યોગેશ્વરાય નમઃ'ના મંત્રગાન અમે મોટેથી કરીએ છીએ.

એટલે શ્રી ભાગર્વભાઈએ મોકલેલી કેનેડાના ૯ મે ના સત્સંગની વીડીયો કલીપ બિપીનભાઈના ફોનમાં હતી તો તે બતાવી. તેમાં 'મા'ના દર્શન ખૂબ ભાવવિભોર બનીને કર્યાં. હાથ જોડ્યા. આંખમાં આંસુ સાથે કહેવા લાગ્યા.

'મા' હવે ભૂજ નહીં આવે. મારે પણ ભૂજ નથી જવું. મને હવે ભૂજનો પણ મોહ નથી. મારે જવાનો સમય થઈ ગયો છે.

ફરી હાથ ઊંચા કરીને કહે છે.

'મા' આવો હું તૈયાર જ છું. મારે હવે જીવવું નથી. હું હવે ખૂબ થાકી ગયો છું.

આરતીબેન હોસ્પીટલથી ઘરે જવાના છે તો પિતાને પ્રણામ કરે છે. તો તેમણે મસ્તકે વ્હાલ ભર્યો આશીર્વાદનો હાથ ફેરવ્યો.

આરતીબેન હજી તો ઘરે જ પહોંચ્યા અને પિતાજીના શ્વાસની ગતિ બદલાઈ ગઈ. ફરી એટેક આવ્યો. હાર્ટ ચાલુ તો થયું પણ થોડા જ કલાકોમાં એમણે શાંતિથી વિદાય લીધી તે તારીખ છે ૧૧ મે ૨૦૧૭.

અંતિમ આર્શીવાદનો વરદ હસ્ત ભાગ્યશાળી દીકરી આરતીબેન પામ્યા.

ધન્ય ગૃહસ્થયોગી. ધન્ય પિતાજી આપને. વંદન હો વંદન હો. આપે તો અમને સૌને મૃત્યુને વધાવતા વધાવતા કેવું અલિપ્ત જીવન જીવી શકાય તેના અમૂલ્ય પાઠ શીખવ્યા. આપે તો જાણે મૃત્યુને પણ જીતી લીધું.

મૃત્યુને વધાવતા વધાવતા જેને જેને જે જે કહેવાનું હતું તે કહી શક્યાં. સોનેરી શિખામણ એકે એક સ્વજનને આપી દીધી. જીવનભર જે જે ધર્મ ગ્રંથ વાંચ્યા તેને જાણે જીવી બતાવીને તેનું પ્રતિબિંબ અંતિમ દિવસોમાં પણ શ્રેષ્ઠ રીતે ઉપસાવી શક્યા. જાણે પરમેશ્વરે સોંપેલા સર્વ અભિનયો, સર્વ કર્તવ્યોના શ્રેષ્ઠ અભિનય ભજવતા ભજવતા, હસતા હસતા હરિ દરબારે હાજર થયા. મૃત્યુને મંગલ પર્વમાં પલટાવીને યમદેવને પણ આવાહન કર્યું આવો હે યમદેવ હું તૈયાર છું.

ૐ—ૐ—ૐ—ૐ



# ભગવાનપણું

(ગતાંકથી ચાલુ) —સાધુ અક્ષરજીવનદાસ

મંદમંદ હસતાં મરમાળાએ આંખો પલકારી ટાઢે કલેજે વેણ ઉચ્ચાર્યાં : 'સ્વામી, જીવ ખરો ને ! અભિમાન આવી જાય.'

સાંજની સભા ભરાઈ. મહારાજ નીંબતરુ નીચે ઢોલિયે વિરાજ્યા છે. સભા હકડેઠઠ બેઠી છે. એવામાં હાથમાં રૂમાલ ને છડી સાથે જરિયાન વસ્ત્રમાં ઝળાહળા થતાં શેખજી આવ્યા. સભા સન્મુખ આવીને એરંડાની જેમ ઊભા રહ્યા, એમ કે-આ દાઢીનાં દર્શન કરો, આનંદમાં રહો.

આસન તો રાખ્યું નહોતું. વળી, કોઈએ એને આવકાર પણ દીધો નહીં ! એથી એના અંતરમાં અગનજાળ લાગી. બ્રહ્માનંદ સ્વામીએ કહેલું કે 'મહારાજ ઠાલા થઈ ગયા છે' પણ હકીકતે એવું હતું નહીં. એ શેખજી જાણી ગયા. મહારાજે શેખજીની આંખોમાં આંખો પરોવીને કહ્યું : 'શેખજી ! અમે તમને શી આજ્ઞા કરી હતી ? યાદ રાખી છે ? એ મુજબ વર્ત્યા છો ?'

આ સાંભળી શેખજી કંઈ જવાબ આપી શક્યા નહીં. નીચું જોઈ પગ વડે જમીન ખોતરવા લાગ્યા.

મહારાજ કહે : 'શેખજી ! તમારી નજર કેટલાકમાં પડે છે ? મારી સામે જુઓ.' પરાણે શેખજીની નજર મહારાજની નજર સાથે મળી. મહારાજે કરડી દૃષ્ટિ કરીને એક પલકારામાં ઐશ્વર્ય ખેંચી લીધું.

શેખજી એ જ ક્ષણે તેજહીન થઈ ગયા. એમનાં ગાત્ર ધ્રૂજવા

લાગ્યાં. પરસેવો વળી ગયો, શક્તિમાત્ર સ્રવી ગઈ હોય એવો અનુભવ થયો.

મહારાજે સૌ સભાજનોને કહ્યું : 'આ શેખજીએ અમારી એકપણ આજ્ઞા પાળી નથી. વળી, ઐશ્વર્ય અમે આપેલું પણ મિથ્યા ગર્વ કર્યો ને અમારી જ સામે ઐશ્વર્ય અજમાવવા નીકળી પડ્યા. આજથી શેખજીને અમે વિમુખ કરીએ છીએ. તેને કોઈ બોલાવશો નહીં.' એમ કહી તેને રજા આપી.

શેખજીએ ઘણી કાકલૂદી કરી પણ મહારાજનો નિર્ણય અફર હતો. ઐશ્વર્યહીન થવાથી હવે લોકો પોતાની ઉપેક્ષા કરશે એ ભય પેઠો. શેખજી ઉતારે ગયા. ખૂબ પસ્તાયા, વિચાર કર્યો. હવે શું કરવું ? એમને બ્રહ્માનંદ સ્વામી સાથે હેત; તેથી એમને મળવા વિચાર્યું ને તત્કાળ એમના ઉતારે પહોંચ્યા. બ્રહ્માનંદ સ્વામી રાત્રે શયન કરવાની તૈયારી કરતા હતા ત્યાં જ શેખજીએ મોંમાં તરણું લઈ આજીજી કરતાં કહ્યું : 'સ્વામી ! મને આ સંકટમાંથી ઉગારો. તમે જેમ કહો તેમ કરું...' આમ, બહુ વિનવણી કરી, કાકલૂદી કરી, પાય પડ્યા, કાલાવાલા કર્યા.

સ્વામી કહે : 'હવે મારા હાથની વાત નથી. તમે વિમુખ છો, કોઈ જાણે કે શેખજી ને બ્રહ્માનંદ સ્વામી મળ્યા તો મારે પણ વિમુખ થવાનો વારો આવે. માટે તમે અહીંથી નીકળી જ જાવ.'

છતાં શેખજીએ પસ્તાવાનાં આંસુ સાર્યાં ને ઉગારવા અજીજી કરી.

બ્રહ્માનંદ સ્વામી કહે : 'એક ઉપાય છે, તમે તમારી દાઢી પડાવી નાંખો ને માથે મુંડન કરાવી લો. પછી સવારે નાહીને મહારાજ સામે ઊભા રહેજો. પછીની બાજી હું સંભાળી લઈશ.'



શેખજીને હાશ થયું. રાત્રે ગામમાં જઈ વાળંદને જગાડ્યો ને તેના હાથમાં મહોર મૂકી કહ્યું : 'માથું ને દાઢી બધું મુંડી નાંખ.'

વાળંદે મુંડી નાંખ્યું. રાત્રે સ્નાન-ધ્યાન કર્યાં ત્યારે સવાર પડી ગયું.

બ્રહ્માનંદ સ્વામીએ અક્ષર ઓરડીએ જઈ રાત્રે બનેલી હકીકત મહારાજને જણાવી દીધી. મહારાજ કહે : 'ઠીક થયું, તેને જો મોક્ષનો ખરો ખપ હશે, તો બધું કરી છૂટશે ને અમને મૂકીને નહીં જાય.'

સવારે સભામાં શેખજી આવ્યા. તેમને કોઈ ઓળખી શક્યું નહીં. દાઢી-મૂછ ને માથું મુંડાવેલાં હોઈ નવાં જ દીદાર હતાં.

મહારાજને દંડવત્પ્રણામ કર્યાં. પંચાંગ કર્યાં ને બેઠા. મહારાજે એમને જોઈ રમૂજ શરૂ કરી : 'સુરાખાચર ! આ શેખજીની દાઢી ક્યાં ગઈ ?'

'અરે, મહારાજ ! શેખજીની દાઢી તો અક્ષરધામમાં જવાનો રસ્તો હતો, તે કેટલાય મુમુક્ષુ એ રસ્તેથી પસાર થયા ને એ બધાના ઠેબે દાઢીના મુવાળા ઊડી ગયા !'

તે સાંભળીને મહારાજ તથા સંતો-ભક્તો ખૂબ હસ્યા.

શેખજી કહે : 'બાપુ ! મારે કલ્યાણનો ખપ છે, નહીં તો હું આ સાંખી ન લઉં, પણ શું થાય ! મોક્ષ આ મહારાજ પાસે જ છે, એટલે સહન કરવું જ રહ્યું. તમે બોલ્યા એવું વડોદરાનો દીવાન બોલ્યો હોત તો એનું ગળું કાપી નાખત, પણ હવે મને મારી ભૂલ સમજાઈ છે. ફકીર-ફકરામાં ક્યાંય કલ્યાણ નથી, એટલે લાચાર છું. હવે તો મહારાજનાં ચરણે છું. એ જેમ કહે તેમ કરવું છે.'

મહારાજ કહે : 'દાદાખાચરના ઘોડાની લાદ ઉપાડવી પડશે.'

'અરે, મહારાજ ! આપ જેમ કહેશો તેમ કરીશ, આ સુરાખાચરની પણ ઉપાડીશ, પણ મારો ગુનો માફ કરો.'

સુરાખાચર શેખજી સામે ચકળવકળ જોવા લાગ્યા.

મહારાજ હસતાં કહે : 'સુરાખાચરની કે એના ઘોડાની ?'

'અરે ! મહારાજ આપ જેની કહો તેની, પણ મને સ્વીકારો.'

આમ, વારંવાર નમ્રભાવે વિનંતી કરી તેથી મહારાજ પ્રસન્ન થયા ને કહ્યું : 'શેખજી ! તમારા બધા ગુના માફ !' એમ કહી હાર આપ્યો અને અક્ષરધામમાં અંતે તેડી જવાનો વર દીધો.

સુરાખાચર કહે : 'પ્રભુ ! ભગવાનની કૃપાથી કોઈ ગુણો જીવમાં આવે છે છતાં પણ ભગવાન કેમ ભુલાઈ જાય છે ! જીવ પોતે જ ભગવાન થઈ બેસે છે !'

મહારાજે કહ્યું : 'એનું નામ જ જીવદશા છે. સિંહણનું દૂધ સુવર્ણના પાત્રમાં જ ટકે, બીજી ધાતુનું પાત્ર તૂટી જાય, દૂધ સ્રાવી જાય, તેમ અક્ષરરૂપ પાત્રમાં જ અમારું રૂપ, ઐશ્વર્ય યથાર્થ ટકે છે. જીવદશાવાળાને ઐશ્વર્ય આપ્યું હોય તો શેખજી જેવું થાય. એટલે જ અક્ષરરૂપ થાય છે તેને જ પુરુષોત્તમની ભક્તિનો અધિકાર મળે છે. બીજાને અમારું સ્વરૂપ સમજ્યામાં પણ આવતું નથી. કોઈ સ્વરૂપનિષ્ઠાની વાત કરતો હોય પણ અમે સ્થાપેલી બ્રહ્મચર્યાદિક ધર્મનિષ્ઠાનો લોપ કરે તેને અમારી સ્વરૂપનિષ્ઠા જ નથી. એ તો વળી, શેખજી કરતાંય નીચી



કોટિમાં ગણાઈ જાય, માથે પાણો લઈને સમુદ્ર તરે એવો કહેવાય. મુખે અમારું નામ લે, મહિમા કહે પણ અમે સ્થાપેલી ધર્મમર્યાદાનું ઉલ્લંઘન કરે, અમારી જીભ પર પગ મૂકીને વર્તે એને અક્ષરધામ છેટું પડી જાય છે.'

શ્રીજીમહારાજની વાણીમાં આજ અનોખું તેજ હતું. સૌએ દૃઢ ગાંઠ વાળીને પ્રાર્થના કરી કે મહારાજ ! આપને મૂકીને અમારું મન ક્યાંય ડોલે નહીં એવી દયા કરજો. મહારાજે સૌ પર એક અમી નજર ઢોળી.

સંત કબીરજીની માર્મિક વાણીમાં ગહન આધ્યાત્મિક તથા ધાર્મિક ઉપદેશ હોય છે.

પાનીસે પતલા કૌન હૈ?—પાનીસે પતલા જ્ઞાન હે.

કોન ભૂમિસે ભારી?—પાપ ભૂમિસે ભારી.

કૌન અગનસે તેજ હે?—ક્રોધ અગનસે તેજ હે.

કોન કાજલસે કાલે?—કલંક કાજલસે કાલે.


**સંદીપ વેલ્ડીંગ વર્ક્સ**

**ગ્રીલ, દરવાજા, તેમ જ મેઈન ગેટના સ્પેશ્યાલીસ્ટ**

તેમ જ

**દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.**

મોદી બંગલા, ઉમરા જકાત નાકા પાસે, **સુરત**-૩૯૫૦૦૭

# હસતા હસતા ખસતા રહેજો

—મા સર્વેશ્વરી

સંકલન : મયૂરીબેન ટેલર

**ખસતાં રહેજો**

—આ માને પણ દર વર્ષે ૬ મહિના હસતાં હસતાં પ્રભુ ખસેડીને વિદેશ મોકલે.

—એટલે સર્વવળગણો-સર્વસ્થળે હળવા જ રહે.

—કહે છે કે દરેકે વરસમાં અનુકૂળતા પ્રમાણે થોડા દિવસ ઘરથી દૂર જવું.

—જેથી ઘરની મમતા, સ્વજનોના વળગણો, હળવા થતાં.

—હસતાં-હસતાં હળવે હળવે ખસતાં રહેવું.

—કોઈવાર કોઈ ના માને તો ખસી જવું.

—અતિપ્રેમથી પણ બચતા રહેવું.

—અતિદ્વેષથી પણ રક્ષાયેલા રહેવું.

—આપણે જ બદલાઈ જવું.

—જુઓ ચીમનકાકા ! આપણા સૌના દેખતા જીવન કેવું સમેટી રહ્યાં છે !

—મૌન—વાંચન—લેખન...

—૭૮ થયા છે, પણ જાગી ગયા છે.

—સર્વદિશાથી સમેટવા માંડ્યું છે.

—જે સમેટે તે જ સુખી,
વિસ્તારે તેની વિપત વધુ.



—સમેટવા માંડો, જાતે જ ઘરમાં રોજ જ ગુજરી જવું

—હું નથી આ ઘરમાં, હું નથી આ વાતમાં...

—હું તો મહેમાન છું....

—તો ૫૦ % પ્રશ્નો શાંત થઈ જશે...

(રાગ : દર્શન દે, જય દૈવી)

હસતા હસતા ખસતા રહેજો
જીવનમંત્ર એ જપતા રહેજો

અતિ પ્યારા કે વિરોધી વચ્ચે
લક્ષ્મણરેખા દોરતા રહેજો

વાદ વિવાદ કે વ્યર્થ વાતને
મૌન ધરીને ટાળતા રહેજો

મારે શું ? એ મંત્ર જપીને
મસ્ત બની રમતા રહેજો

પ્રેમ ક્ષમાના શસ્ત્રે જીતીને
પરમસખાને ભજતા રહેજો

હસતા, રમતા ખીલતા રહીને
આગળ યાત્રા કરતા રહેજો

પરમ સખાની શીખ સ્મરીને
સર્વેશ્વરી હવે જાગતા રહેજો

# ભગવાન છે કે નહીં ?!

ડૉ. આઈ. કે. વીજળીવાળા

આ એક સત્ય ઘટના છે.

અમેરિકાના એક રાજ્યમાં ફિલૉસૉફીના એક પ્રોફેસર પૂરા નાસ્તિક હતા. ભગવાનના નામથી પણ એમને નફરત હતી. આ દુનિયામાં ભગવાન જેવી કોઈ શક્તિ હોઈ જ ન શકે એ પુરવાર કરવા માટે દરેક નવા ક્લાસ સામે પ્રથમ સેમેસ્ટર પૂરું થાય ત્યાં સુધી એ ઢગલાબંધ દાખલાઓ આપતા અને સચોટ દલીલો રજૂ કરતા. એમના સજ્જડ તર્ક અને અદ્‌ભુત દલીલો સામે દરેક વર્ગના વિદ્યાર્થીઓ ચૂપ થઈ જતા. કોઈ એમની સાથે વાદવિવાદ ન કરી શકતું. પ્રથમ સેમેસ્ટર પૂરું થતા સુધીમાં લગભગ વિદ્યાર્થીઓ ભગવાન ન જ હોઈ શકે એવું માનવા લાગતા અને જે અંદરથી ભગવાનમાં માનતા હતા એ બધા પણ એ અંગે વાત સુદ્ધાં ન થઈ જાય એની તકેદારી રાખતા.

પૂરાં વીસ વરસ સુધી એ પ્રોફેસરે બધાંને એમ જ ભણાવ્યા. એમની સામે એક પણ વિદ્યાર્થીએ ક્યારેય કોઈ જ દલીલ ન કરી. ક્યારેક વળી કોઈ વિદ્યાર્થીએ એવો પ્રયાસ કર્યો તો પણ પ્રોફેસર સામે દલીલોમાં બે ક્ષણથી વધારે કોઈ ટકી જ ન શક્યું.

દરેક સેમેસ્ટર (સત્ર)ના છેલ્લા દિવસે ફિલૉસૉફીના ૩૦૦ વિદ્યાર્થીઓને એ પ્રોફેસર એક હૉલમાં ભેગા કરતા અને પછી પૂછતા, 'તમારા બધામાંથી ભગવાનમાં હજુ પણ કોઈ માનતું હોય તો ઊભું થાય !' પરંતુ કોઈ ઊભું ન થતું કારણ કે દરેક જણ જાણતું કે એ પછી એ પ્રોફેસર શું કહેવાના અને શું કરવાના છે. પ્રોફેસર



બૉર્ડ પર લખવાનો ચોક હાથમાં પકડતા અને કહેતા, 'આટલાં ઉદાહરણો અને સાબિતીઓ પછી હવે જે કોઈ ભગવાનમાં માને એ મૂરખ નહીં, પણ મહામૂરખ જ કહેવાય. આટલા વિદ્યાર્થીઓની સામે જાહેરમાં હું કહું છું કે જો ભગવાન હોય અને એ ખરેખર સર્વવ્યાપી અને સર્વશક્તિમાન હોય તો એ મારા હાથમાંથી છૂટતા આ ચોકને જમીન પર પડીને તૂટતો અટકાવી દે ! સાવ સહેલું અને નાનકડું આ કામ છે. જો એ શક્તિ અહીં પણ હાજર હોય તો બસ, આટલું નાનું અમસ્તું કામ કરી આપે !' એટલું કહી દરેક વર્ષે એ ચોકને છોડી દેતા. ચોક જમીન પર પછડાઈને કેટલાય ટુકડાઓમાં ફેરવાઈ જતો અને પોતાની દલીલ જાણે કે પથ્થર પર કોતરેલ લકીર હોય એવા વિજયના ભાવ સાથે પ્રોફેસર વર્ગ પૂરો કરતા.

થોડાંક વરસ પહેલાં એક વિદ્યાર્થી ફિલૉસૉફીનો વિષય લઈ આ જ પ્રોફેસરના વર્ગમાં દાખલ થયો. એ પોતે ભગવાનના અસ્તિત્વમાં અને એની અનન્ય શક્તિઓમાં વિશ્વાસ ધરાવનાર અતિ શ્રદ્ધાળુ હતો. રોજ એ પેલા પ્રોફેસરની દલીલો સાંભળતો અને કૉલેજ જવા નીકળતી વખતે મનોમન પ્રાર્થના કરતો કે, 'હે ભગવાન ! આ માણસને હું તારા વિશે કંઈક તો સમજાવી શકું એવી શક્તિ અને હિંમત બંને આપજે !'

છ મહિના એમ જ વીતી ગયા. એ દરમિયાન પેલા વિદ્યાર્થીની ક્યારેય હિંમત ન થઈ શકી કે એ ઊભો થઈને પેલા પ્રોફેસર સામે દલીલ કરે. બસ, એ રોજ મનમાં પ્રાર્થના જ કરતો રહેતો.

પ્રથમ સેમેસ્ટર પૂરું થવા આવ્યું. એ સત્રના છેલ્લા દિવસે પ્રોફેસરે ફિલૉસૉફીના બધા જ વિદ્યાર્થીઓને દર વરસની માફક એક સાથે એક મોટા ખંડમાં ભેગા કર્યા. પછી પૂછ્યું, 'તમારામાંથી હજુ પણ કોઈ ભગવાનમાં માનતું હોય તો ઊભું થાય !'

અને અચાનક જ જાણે કે હિંમત આવી ગઈ હોય તેમ પેલો વિદ્યાર્થી ઊભો થઈ ગયો. વીસ વરસમાં પ્રથમ વખત જ કોઈકે આવી હિંમત કરી હતી. પ્રોફેસરને નવાઈ લાગી, સાથોસાથ ગુસ્સો પણ આવી ગયો. એ બોલ્યા, 'અલ્યા બબૂચક ! છ મહિનામાં એક પણ વસ્તુ તારા ભેજામાં ઊતરી લાગતી નથી. હું દર વખતે કહું છું તે આજે પણ તને સંભળાવું છું કે જો તારો ભગવાન અહીં હશે તો આ ચોકને નીચે પડે ત્યારે તૂટવામાંથી બચાવી લેશે. તું હમણાં જ જોઈશ કે તારો ભગવાન શું કરી શકે છે ?'

'એ અહીં જ હશે ! અને એ ચોકને તૂટવામાંથી બચાવી પણ લઈ શકે !' પેલો વિદ્યાર્થી પૂરો ક્લાસ સાંભળે એમ ભરપૂર વિશ્વાસથી બોલ્યો.

'એમ ? તો જોઈ લેજો બધા, અને તું પણ જોઈ લે !'

એટલું કહીને પ્રોફેસર હાથ લાંબો કરી પોતાના હાથમાં રહેલા ચોકને નીચે પાડવા ગયા. એ વખતે કોણ જાણે કેમ, એ ચોક સીધો નીચે પડવાને બદલે એમના કોટના કફસ (બાંયના છેડા) પર પડ્યો. ત્યાંથી દડીને એમના પેન્ટના નીચેના છેડા પર પડ્યો, ત્યાંથી ગોળ દડી એમના પેન્ટના નીચેના છેડા પર પડ્યો, ત્યાંથી ગોળ દડી એમનાં બૂટ પર થઈને નીચે જમીન પર દડી ગયો. જરાક પણ તૂટ્યા વિના ! એમનો એમ જ ! વીસ વરસમાં પ્રથમ વખત જ કોઈએ સામી દલીલ કરી અને તરત જ જાણે કે પ્રમાણ પણ મળી ગયું. પ્રોફેસર સ્તબ્ધ થઈ ગયા. વર્ગમાં સન્નાટો છવાઈ ગયો, પરંતુ એ બે ક્ષણ પૂરતો જ ! પછી આખો હૉલ તાળીઓના ગડગડાટથી ગૂંજી ઊઠ્યો. પેલો વિદ્યાર્થી આંખમાં આંસુ સાથે આકાશ સામે જોઈ રહ્યો. અન્ય વિદ્યાર્થીઓ એને ઘેરી વળ્યા. પ્રોફેસર નતમસ્તકે વર્ગ છોડીને જતા રહ્યા !



# ગુરુમાં અખૂટ પ્રેમ ને વિશ્વાસ

—પ.પૂ.શ્રીયોગેશ્વરજી

જુદા જુદા ધર્મોના સનાતન તેમજ મૂળભૂત સિદ્ધાંતોનું સ્વાનુભવ દ્વારા સ્પષ્ટીકરણ કરીને તેનો ઉપદેશ કરવા માટે જ મારા ગુરુદેવનું જીવન હતું. બીજા આચાર્યોએ એમનો પોતાનો ધર્મ શીખવ્યો છે, પરંતુ ઓગણીસમી સદીના આ મહાપુરુષે કોઈ એક ચોક્કસ ધર્મ કે સંપ્રદાય પર ભાર મૂકવાને બદલે, સર્વધર્મ સમભાવ તથા ધર્મોની અંતરંગ એકતાનો મહાન સંદેશ પૂરો પાડ્યો છે.

પોતાના ગુરુ શ્રી રામકૃષ્ણ પરમહંસને અમેરિકામાં એવી અનુરાગપૂર્ણ અંજલિ આપનાર સ્વામી વિવેકાનંદના એ શબ્દો છે.

પ્રથમ મુલાકાત વખતે જ રામકૃષ્ણદેવને 'તમે ઈશ્વરને જોયો કે કેમ ?' એવો પ્રશ્ન પૂછનાર વિવેકાનંદના હૃદયમાં એ મહાપુરુષ પ્રત્યે પાછળના વરસોમાં કેટલો બધો અસીમ અનુરાગ અને આદરભાવ પેદા થયેલો એનો એ દસ્તાવેજી પુરાવો છે. એ પ્રેમ કાંઈ એમને એમ પ્રકટ નહોતો થયો. એની પાછળ વરસોનો અનુભવભંડાર હતો.

વિવેકાનંદને પોતાના ગુરુકૃષ્ણદેવ પર જેવો પ્રેમ હતો, તેથીયે વધારે પ્રેમ રામકૃષ્ણદેવને વિવેકાનંદ માટે હતો. શરૂશરૂમાં વિવેકાનંદ લાંબા વખત સુધી પોતાની પાસે ના આવતા, તો રામકૃષ્ણદેવની દશા ભારે કરુણ બની જતી. એ અધીરા બની જતા ને ભક્તોને કહેતા કે નરેન્દ્રને કહેજો કે મારી

પાસે આવે. એના વિના મારાથી નથી રહેવાતું. મારા હૃદયની દશા કપડાંને નીચોવતા હોઈએ એવી કરુણ થઈ જાય છે. અને જ્યારે વિવેકાનંદ આવતા ત્યારે એમને એ વળગી પડતા, પોતાની પાસે બેસાડતા, ને પોતાને હાથે પ્રસાદ ખવડાવતા. વિવેકાનંદ કેટલીય આનાકાની કરતા, પરંતુ વ્યર્થ જતી. ભક્તો એ પ્રેમને પેખીને વિસ્મય પામતા, મોંમાં આંગળાં ઘાલતા તથા વિવેકાનંદના સદ્ભાગ્યની પ્રસંશા કરતા. વિવેકાનંદ પણ કહેતા કે તમે ઈશ્વરપ્રેમી છો છતાં મારે માટે આટલો પ્રેમ શા માટે રાખો છો ? આમ કરશો તો હરણમાં આસક્ત થઈને દુર્ગતિ પામેલા ભરતઋષિની પેઠે દુર્ગતિ પામશો. રામકૃષ્ણદેવ એ સાંભળીને માત્ર હસતા.

કેટલાક ઈર્ષાળુ લોકોએ એવી વાત પણ ફેલાવી કે નરેન્દ્ર તો કુસંગે ચઢી ગયો છે ને દારૂ પીતો તથા વેશ્યાગમન કરતો થયો છે. પરંતુ રામકૃષ્ણદેવે એ વાત માની નહીં. એ ભારે રોષે ભરાઈને બોલી ઊઠ્યા કે નરેન્દ્ર એવું કરે જ નહીં. એનો આત્મા કેટલો બધો ઊંચો છે તે હું જાણું છું. મારી આગળ તમે આવી વાતો ના કરશો. વિવેકાનંદે જ્યારે એ વાત સાંભળી ત્યારે એમનું હૃદય ગદ્ગદ્ બની ગયું. ઘણા વખતથી એ ગુરુની પાસે નહોતા આવ્યા, પરંતુ હવે આવવા માંડ્યા.

પરંતુ થોડા વખત પછી જોયું તો પરિસ્થિતિ જુદી જ હતી. જે રામકૃષ્ણદેવ એને દૂરથી આવતો જોઈને ગાંડાઘેલા બની જતા ને કેટલીકવાર નાચવા પણ માંડતા, તે એને ઓળખતા પણ ના હોય એમ, એને જોઈને કશું જ ના બોલતા. બીજા ભક્તો તથા દર્શનાર્થીઓ સાથે વાતો કરતાં, પણ વિવેકાનંદને બોલાવતા



નહીં. એક દિવસ, બે દિવસ નહીં, પરંતુ લાગલગાટ ત્રણ દિવસ સુધી એવું ચાલ્યું. ભક્તોને આશ્ચર્ય થયું. છતાં પણ વિવેકાનંદે રામકૃષ્ણદેવ પાસે આવવાનું ચાલુ રાખ્યું.

ચોથે દિવસે રામકૃષ્ણદેવે વિવેકાનંદને કહ્યું : ભાઈ, હું તારી સાથે કશું બોલતો નથી છતાં તું રોજરોજ મારી પાસે શા માટે આવે છે ? તને ખોટું નથી લાગતું ?

વિવેકાનંદ ઉત્તર આપ્યો : પ્રભુ, મને ખોટું શા માટે, લાગે ? હું ક્યાં તમારે માટે ને તમારી વાતો સાંભળવા આવું છું ? હું તો મને શાંતિ મળે છે એટલા માટે, મારા સ્વાર્થ ખાતર, માત્ર તમારું દર્શન કરવા માટે જ આવ્યા કરું છું. તમે બોલો કે ન બોલો તેથી મારે શું ?

રામકૃષ્ણદેવ એના શબ્દો સાંભળીને પ્રસન્ન થયા ને કહેવા માંડ્યા : તારા જેવો ઉત્તમ કોટિનો વીરપુરુષ જ આવા શબ્દો બોલી શકે. હું તારા પ્રેમ ને વિશ્વાસની કસોટી કરી રહ્યો હતો. તું તેમાંથી પાર ઉતર્યો.

પછી તો રામકૃષ્ણદેવે વિવેકાનંદ પર પોતાની કૃપા વરસાવવા માંડી. શરીરનો ત્યાગ કરતી વખતે એમને સર્વ પ્રકારની શક્તિ પ્રદાન કરી.

વિવેકાનંદનો એ ગુરુપ્રેમ બીજાને માટે આદર્શરૂપ થઈ પડ્યો.

વિવેકાનંદ પણ ગુરુના અપાર પ્રેમને હંમેશાં યાદ કરતા. એ પ્રેમ જ એમને માટે શક્તિના સાધનરૂપ હતો.

એ પ્રેમને યાદ કરીને જ, અમેરિકામાં એમણે પ્રસિદ્ધિ મેળવી ત્યારે પેલાં નમ્રતાથી ભરેલાં વચન કહેલા કે મારા

મુખમાંથી એક શબ્દ પણ સાચો ને સારો બોલાયો હોય તો તેનો યશ મારા ગુરુને ઘટે છે. જે અશુભ અથવા અસત્ય છે તે જ મારું છે.

ધન્ય એ ગુરુપ્રેમ !

અને શિષ્યને માટેના ગુરુના પ્રેમને પણ ધન્યવાદ !

એ બંનેના પારસ્પરિક પ્રેમે સંસારના આધ્યાત્મિક ઈતિહાસમાં અમર અધ્યાયનું નિર્માણ કર્યું.

ગુરુને શિષ્ય પ્રત્યે પ્રેમ નહીં હોય તો ચાલશે, પરંતુ શિષ્યને તો ગુરુમાં પ્રેમ ને વિશ્વાસ જોઈએ જ. એ વિના આગળ વધવાનું અશક્ય છે. અને જો શિષ્યનો પ્રેમ સાચો હશે તો, ગુરુના દિલમાં પણ એને માટેની અનુકંપાનો આવિર્ભાવ થશે જ.

બંનેના પ્રેમ જો પારસ્પરિક હશે તો તો કહેવું જ શું ?

સોનામાં સુગંધ.

**સ્થાપત્ય કન્સ્ટ્રક્શન**

**પ્રો. મનીષ હરિભાઈ ભોજાણી,**

**બિલ્ડર્સ એન્ડ ડેવલપર્સ,**

મધુર કોમ્પ્લેક્ષ, શનાળા રોડ, મહારાજા ટાઈલ્સ સામે,

**મોરબી**–૩૬૩૬૪૧.

ફોન : (ઓફિસ) ૨૨૧૩૮૧, (રહેઠાણ) ૨૩૦૨૨૨.



# આધ્યાત્મિક પ્રશ્નોત્તરી

**–યોગેશ્વરજી**

## ગુરુપૂર્ણિમા

**પ્રશ્ન : ગુરુપૂર્ણિમાનો મહિમા આટલો બધો કેમ લાગે છે ?**

**ઉત્તર :** ગુરુ પ્રત્યેની શ્રદ્ધા, ભક્તિ તથા ભાવનાથી ભરેલા ભક્તોને લીધે.

**પ્રશ્ન : એને ગુરુ સાથે સંબંધ છે ખરો ?**

**ઉત્તર :** હા.

**પ્રશ્ન : કેવી રીતે ?**

**ઉત્તર :** ગુરુપૂર્ણિમાનું બીજું નામ વ્યાસપૂર્ણિમા પણ છે. એ દિવસે મહર્ષિ વ્યાસનો પ્રાદુર્ભાવ થયેલો એમ કહેવાય છે. મહર્ષિ વ્યાસ ભારતીય સંસ્કૃતિના પ્રખર પુરસ્કર્તા તથા પ્રતિનિધિ હોવાથી એ દિવસનો મહિમા ધાર્યા કરતાં ઘણો મોટો કહેવાય. એ દિવસે એમની પૂજા થાય અને એમને સમુચિત અંજલિ અપાય એ ઈચ્છવા જેવું, આવકારદાયક, અભિનંદનીય છે. વખતના વીતવાની સાથે મહર્ષિ વ્યાસને બદલે વ્યાસપીઠ પર વિરાજેલા કથાકાર કે ઉપદેશક અને પોતપોતાના સદ્‌ગુરુની પૂજાની પ્રથા પ્રવર્તી હશે. આજે એ પ્રથા સાર્વત્રિક જેવી બની ગઈ છે.

**પ્રશ્ન : એ પ્રથા તમને પસંદ છે ?**

**ઉત્તર :** એ પ્રથા મને પસંદ છે કે નથી એ પ્રશ્નનું એટલું બધું મહત્ત્વ નથી. ભક્તો, શિષ્યો, સદ્‌ગુરુઓ અને સદુપદેશકોને એ પસંદ છે. એ પ્રથા અથવા પૂજાપદ્ધતિ પ્રેરક, પથપ્રદર્શક,

ઉપયોગી, ઉપકારક છે. એ દિવસે શ્રદ્ધાભક્તિસભર ભાવભીના ભક્તો ગુરુની આગળ એકઠા થાય છે, ગુરુનું મંગલ માર્ગદર્શન મેળવે છે, આધ્યાત્મિક જીવનની પ્રેરણા પામે છે, ને સદ્‌ગુરુની સમયોચિત સેવા કરે છે. માનવજીવનના ધ્યેયનું સ્મરણ કરવાનો, અવિદ્યારૂપી અંધકારમાંથી પ્રજ્ઞાના પરમપાવન પ્રકાશમાં પહોંચવાના સંકલ્પ દઢાવવાનો, એ દિવ્ય દીક્ષાદિવસ છે. એનો ઉપયોગ એવી રીતે કરવામાં આવે છે એ ઇચ્છવા જેવું છે. એવી રીતે એનો લાભ લેવાય તો એ દિવસ વધારે પ્રેરણાત્મક તથા શ્રેયસ્કર થઈ પડે. એ દિવસને જીવનવિકાસના મહત્ત્વના દિવસ તરીકે માનવો—મનાવવો જોઈએ. પૂજાની પરંપરાગત પ્રથાને આત્મોન્નતિના અસરકારક અમોઘ સાધન તરીકે માનવા—મનાવવામાં આવે એ આવશ્યક છે. માટે જ હું ગુરુપૂર્ણિમાની પાવન પરંપરાગત પ્રથાનો ને પૂજાપદ્ધતિનો વિરોધ નથી કરતો. એ પ્રથા જીવંત રહે ને કાયાકલ્પ પામે તો સારું લેખાય. એ જડને બદલે ચિન્મય થાય, જીવનોપયોગી બની જાય.

**પ્રશ્ન : આપણે કોઈને અંતરના ઉંડાણમાંથી ગુરુ માનતા હોઈએ પણ ગુરુદેવ આપણો સ્વીકાર ના કરતા હોય તો ?**

**ઉત્તર :** તો શું થયું ? એથી કોઈ પ્રકારની ચિંતા નથી કરવાની. ગુરુદેવ આપણો સ્વીકાર કરે છે કે નથી કરતા એ એટલું અગત્યનું નથી. સૌથી અગત્યની વાત તો આપણે પોતે ગુરુદેવનો સ્વીકાર કરીએ છીએ કે નહીં તે છે. ગુરુ કોઈ દ્રષ્ટ અથવા અદ્રષ્ટ કારણે આપણો સ્વીકાર કરે કે ના કરે તો પણ આપણે એમનો સ્વીકાર કરીએ એટલે થયું. આપણું કાર્ય પૂરું થાય છે. આપણને સદ્‌ગુરુમાં સાચી શ્રદ્ધા હોય એટલે આપણો અંતરંગ વિકાસ



સહેલાઈથી થવા લાગે છે. ગુરુ એક અથવા બીજી રીતે આપણને મદદરૂપ થાય છે. ગુરુ તૈયાર નથી હોતા તો પણ પરમાત્માની પરમ પ્રબળ સનાતની શક્તિ એમના માધ્યમ દ્વારા કે અન્ય રીતે આપણી આકાંક્ષાને સંતોષીને આપણને આગળ વધારે છે.

ગુરુ દ્રોણાચાર્યે એકલવ્યનો શિષ્ય તરીકે સ્વીકાર ના કર્યો પરંતુ એકલવ્યે એમને સદ્‌ગુરુ તરીકે સ્વીકારી લીધા. એમની માટીની મૂર્તિ બનાવીને શ્રદ્ધાભક્તિપૂર્વકના પ્રયોગો પ્રારંભ્યા. તો પરિણામે એ પરમ ધનુર્વિદ, અસ્ત્રશસ્ત્ર વિશારદ બની ગયો. સંત કબીરે રામાનંદની અનિચ્છા હોવા છતાં એમનામાં ગુરુભાવ રાખ્યો. અખાએ કાશીના પ્રજ્ઞાચક્ષુ સ્વામીને સાચા દિલથી સદ્‌ગુરુ તરીકે, પોતાને અપનાવવામાં ના આવવા છતાં પણ, સ્વીકારી લીધા. તો એનું પરિણામ કેટલું બધું આશ્ચર્યકારક અને ચમત્કારિક આવ્યું ! એવી રીતે આપણે પણ સદ્‌ગુરુ પ્રત્યેની શ્રદ્ધાથી પ્રેરાઈને અસાધરણ પ્રગતિ કરી શકીએ. શરત એ જ છે કે આપણે સદ્‌ગુરુને સંપૂર્ણપણે સ્વીકારી લેવા જોઈએ. એના સિવાય બીજું કશું જ ના બની શકે.

**પ્રશ્ન : તમે કોઈના ગુરુ બનો ખરા ?**

**ઉત્તર :** મારે કોઈના ગુરુ બનવાનું રહેતું જ નથી. જેને બનવું હોય તેણે શિષ્ય બનવાનું જ રહે છે. આગળનું કાર્ય આપોઆપ થઈ રહે છે. કોઈ કોઈનો સાચો શિષ્ય બની શકે તો એનો બેડો પાર થઈ જાય. સવાલ કોઈએ ગુરુ થવાનો નથી, સ્વયં શિષ્ય બનવાનો છે.

**પ્રશ્ન : ગુરુ કોને કહેવાય ?**

**ઉત્તર :** ગુરુના જુદાજુદા કેટલાય અર્થ છે. કોઈ તેને અંધકારમાંથી પ્રકાશમાં લઈ જનાર, તો કોઈ તેને અસત્યમાંથી

સત્યમાં લઈ જનાર કહે છે. પણ આપણે તો બીજી રીતે અહીં વિચારીએ છીએ. ગુરુ કોને કહેવા તે વાત કે તે પ્રશ્નનો જવાબ ગુરુ શબ્દમાં જ રહેલો છે. ગુરુ એટલે મોટો. મોટો એટલે શું ? મોટાઈ ત્રણ રીતે સમજવાની છે : મનની મોટાઈ, દિલની મોટાઈ ને આત્માની મોટાઈ. આ ત્રણ રીતે જે મોટો હોય તે ગુરુ કહી શકાય.

મનની મોટાઈ શું છે ? મનમાં કોઈવાર બૂરા વિચાર ના ઊઠવા, ઊંચી ભાવના ને જ્ઞાનના ઉન્નત વિચારોથી મન સદા ભરપૂર રહેવું, સંકુચિતતા કે સ્વાર્થવૃત્તિ છોડી સમસ્ત જગતને પોતાનું ગણી તેને કામ લાગવું, સદાયે સ્થિર ને શાંત રહેવું, તેમજ સંયમ દ્વારા પરમાત્માનું દર્શન કરી, મનને સદા પરમાત્મામય રાખવું ને જગતમાં બધે જ તે પરમાત્માનું દર્શન કરવું. આ બધાં મનની મોટાઈના લક્ષણો છે.

આ પછી આવે છે દિલની મોટાઈ. ક્ષમા, પ્રેમ, દયા, હોવી, સૌને માટે હિતની ભાવના ને કામના હોવી, દુઃખીના દુઃખ ને દીનની દીનતા જોઈ પીગળી જવું, પત્થર જેવું ભાવના કે લાગણીહીન દિલ ના હોવું....એ બધાં દિલની મોટાઈનાં લક્ષણ છે.

ને આત્માની મોટાઈ એટલે કામ-ક્રોધ જેવા અંતઃકરણના વિકારોને જીતી લઈ, અહંકાર ને મમતા કે દેહાધ્યાસને દૂર કરી, આત્મદર્શન કરવું ને સમસ્ત સૃષ્ટિમાં આત્માને જોવો. આવા જ પુરુષને મહાત્મા પણ કહેવામાં આવે છે ને મહાપુરુષ પણ. જે આમ બધી રીતે ક્ષુદ્રતા ને લઘુતાની દીવાલો ભેદીને સાચા અર્થમાં મહાન કે મોટો થયો હોય છે, તે જ ગુરુ કહેવાય.

શાસ્ત્રોએ મહાપુરુષ અથવા ગુરુના વિવિધ લક્ષણ કહ્યા છે.



ભગવાન શ્રી આદ્ય શંકરાચાર્યે તેને માટે એક ઠેકાણે ચાર સુંદર શબ્દ વાપર્યા છે. ‘દયાલું ગુરું બ્રહ્મનિષ્ઠં પ્રશાંતમ્’ એ કાવ્યપંક્તિમાં તે મહાપુરુષ કેવો હોવો જોઈએ તે વિશે કહ્યું છે. એક તો તે દયાળુ હોવો જોઈએ. બીજું, જ્ઞાનના અનુભવમાં મોટો હોવો જોઈએ, ત્રીજું, તેણે ઈશ્વરદર્શન કરેલું હોવું જોઈએ ને ઈશ્વરીભાવમાં હંમેશા સ્થિત રહેતો હોવો જોઈએ; ને છેલ્લે પરમશાંતિની પ્રાપ્તિ તેને થયેલી હોવી જોઈએ. આત્મદર્શન વિના પરમશાંતિ શક્ય નથી. ધન, વૈભવ, વિલાસ, સ્ત્રી, ભોગ, એ બધાંથી માણસને સુખશાંતિ મળે છે, પણ તે ચિરસ્થાયી કે સનાતન હોતી નથી. અમુક સમય પછી તેનો ભંગ થવાથી તેની તૃષ્ણા ફરી જાગૃત થાય છે. શાંતિ માણસના અંતરમાં જ આત્મારૂપે રહેલી છે ને પરમાત્માને મેળવ્યા વિના કાયમી શાંતિ મળી શકતી નથી. આ કાયમી શાંતિ જેણે મેળવી છે તે જ આદર્શ સંત, મહાત્મા, મહાપુરુષ કે ગુરુ છે.

ગુરુનાં આ બધાં લક્ષણ આપણે ઉપર જે વિચાર કર્યો તેમાં આવી જાય છે.

**પ્રશ્ન : પણ આવા ગુરુ મળે ક્યાં ?**

**ઉત્તર :** તેને શોધવા જવાની જરૂર નથી. શોધવાથી તે મળશે જ એમ નક્કી કહી શકાય નહીં. સૌથી સુંદર વાત તો એ છે કે તમે તેવા ગુરુને માટે યોગ્ય બનો, તેને માટે અધિકાર કેળવો. અત્યારે તમારે તેવા ગુરુની જરૂર જ ક્યાં છે ? વાસના, સાંસારિક તૃષ્ણા, કામવાસના ને કપટ, એ બધામાં અત્યારે તો તમે ગળાબૂડ ડૂબેલા છો. તેમાંથી બહાર આવી ઈશ્વરની ભૂખ કે ગુરુની તરસ ઉત્પન્ન કરો એટલે સંસારના ગમે તે ભાગમાંથી દોડી આવીને પણ ગુરુ

તમને મળશે. એમાં કોઈ વાતનો સંદેહ નથી. માટે પહેલાં યોગ્ય શિષ્ય બનો. અત્યારે જેમ યોગ્ય ગુરુ મળવા કઠિન થઈ પડ્યા છે, તેમ યોગ્ય શિષ્ય પણ મળવા મુશ્કેલ છે.

**પ્રશ્ન : ગુરુની જરૂર ખરી ? ગુરુનું મુખ્ય કાર્ય શું હોય છે ?**

**ઉત્તર :** તમારે ગુરુની જરૂર છે કે કેમ તે તમારી મેળે જ નક્કી કરવું જોઈએ. શાસ્ત્રો ને મહાપુરુષો ગુરુની જરૂરત સ્વીકારે છે. આધ્યાત્મિક માર્ગ પર પ્રતિષ્ઠિત થવું હોય તો ગુરુ આવશ્યક છે. તે તમને માર્ગદર્શન આપે છે, ને તમારી શંકાનું નિવારણ કરે છે.

ગુરુ એટલે શું એ વાતનો વિચાર કરો એટલે ગુરુનું કાર્ય શું એ સમજી શકાશે. ધારો કે એક બાળકની માતા એક જ ગામમાં પણ કોઈને ત્યાં કામપ્રસંગે ગઈ છે. બાળકને તે કોઈ સ્થળે મુકી ગઈ છે. હવે આ બાળક માતાની પાસે જવા આતુર બનીને રડવા માંડ્યું. ઘરના માણસને બાળકની માતા ક્યાં ગઈ છે તેની ખબર હતી. બાળક કેમ કરી માન્યું કે છાનું રહ્યું નહીં, એટલે તે માણસ બાળકને લઈને પેલી માતા પાસે જવા નીકળ્યો, પરિણામે બાળક માતાને મળીને ગેલ કરવા લાગ્યું.

આ પ્રમાણે જીવાત્મા પરમાત્માથી અલગ પડેલો છે. તે જ્યારે પોતાની મા એટલે મૂળ ચેતનશક્તિ પરમેશ્વરની પાસે જવા આતુર બને છે ને તલસે છે, ત્યારે ગુરુ તેની વહારે આવે છે. આ ગુરુને પરમાત્મા સંબંધી બધી માહિતી હોય જ છે, તેણે પરમાત્માની સાથે પરિચય કેળવ્યો હોય છે. એટલે જ કૃપા કરીને તે જીવાત્માની આંગળી પકડે છે ને તેને માર્ગ પર ચઢાવીને—દોરીને તેને ઈશ્વરરૂપી માની પાસે લાવી દે છે. આમ ગુરુ જીવ ને શિવનો મેળાપ કરાવી દે છે, જીવાત્માને પરમાત્મા પાસે પહોંચાડે છે.



આટલી મોટી તેની શક્તિ ને જવાબદારી હોય છે. આ જ ગુરુનું મુખ્ય કાર્ય છે. જિજ્ઞાસુ કે શિષ્યનું બંધન તોડાવી ને માર્ગ બતાવી તેને શાંતિ ને મુક્તિ આપી તેનો ઉદ્ધાર કરવાનું મહાન કાર્ય ગુરુ કરી દે છે.

**પ્રશ્ન : બધા જ ગુરુમાં આવી શક્તિ હોય છે ?**

**ઉત્તર :** જે ઉપરના સાચા અર્થમાં ગુરુ છે, તેમનામાં આવી શક્તિ જરૂર હોય છે. માટે તો તે ગુરુ કહેવાય છે. કૃષ્ણ, બુદ્ધ, ઈશુ, મહમ્મદ, જરથુસ્ત, મહાવીર, નાનક વિગેરે આવા જ ગુરુ હતા. પણ જે ફક્ત ગુરુના શબ્દથી ને પદથી મોહાઈ ગુરુ બનવા ઉતાવળો બને છે, જે ધન ને કીર્તિના મોહમાં ફસાઈ ઈશ્વરપ્રાપ્તિ કે આત્મશાંતિથી દૂર રહે છે, તેનામાં આવી શક્તિ ન જ હોય એ દેખીતું છે. તેમને સાચા અર્થમાં ગુરુ કહી શકાય નહીં.

**પ્રશ્ન : આવા ગુરુની પ્રાપ્તિ કેવી રીતે થાય ? આવા ગુરુ કાંઈ પણ પ્રયાસ કર્યા વિના જ કૃપા કરી દે તો શું ખોટું ?**

**ઉત્તર :** પેલા બાળકની જેમ ઈશ્વરને માટે આતુર બનો પછી ગુરુ તો તમને આપોઆપ મળી જશે. આવા ગુરુ કે ઈશ્વરની કૃપા એમને એમ થઈ શકે નહીં. કોઈ વિદ્યાર્થી નિશાળમાં જાય નહીં, અભ્યાસ કરે નહીં, છતાં ફાઈનલના સર્ટિફિકેટની ઈચ્છા કરે તો તે કેમ મળે ? નિશાળમાં જઈને ખંતથી અભ્યાસ કરવો જોઈએ. તે પ્રમાણે શાસ્ત્રો ને મહાત્માઓએ બતાવેલા માર્ગે વિકાસ કરવો જોઈએ. તે વિના કેવળ બેસી રહેવાથી કે તરંગો કરી ઘાટ ઘડવાથી ગુરુ કે ઈશ્વરની કૃપા થાય નહીં, સમયની બરબાદી થાય તે જુદી.

**(ક્રમશઃ)**